24 NOLL AVENUE, HATTON ESTATE 7764

---



**BASHIR SAYED**

**of**

# Jet Wings

**TRAVEL & TOURS**

Wishes Everyone

*A Very Happy Diwali and a Prosperous New Year*

AMELIA HOUSE
21 BELGRAVIA ROAD
ATHLONE 7764

TELEPHONE:
67-8188/9
A/H: 931-5782

# સુભાષિત

લેખક : વિઠ્ઠલદાસ ગોહીલ • ડરબન

"ચાલી ધીરે ધીરે કીડી યોજનો કૈંક કાપતી
ચાલ્યા વિણ ગરુડેય ડગલું ભરી ના શકે."

કીડી કમતાકાત પણ અવિરત પરિશ્રમ કરતાં ઉદ્યમી મનુષ્યનું પ્રતીક છે, જ્યારે ગરૂડ બળવાન પણ નિરુદ્યમી મનુષ્યનું પ્રતીક છે. બંનેની ગતિ ધ્યેય સાથે સંકળાયેલી છે. પોતાના ધ્યેય તરફ ધીરે ધીરે ગતિ કરતો ઉદ્યમી પુરૂષ એક દિવસ તો ધ્યેયસિદ્ધિ નો આનંદ જરૂરથી મેળવે છે જ, જ્યારે આળસની ઉધઈથી ખવાયેલ બળવાન પોતાના ધ્યેયને જાણતો સમજતો હોવા છતાં પોતાના ધ્યેય તરફ આગળ વધી શક્તો નથી. એટલે કે ઉદ્યમ વિનાનું બધું એકડા વગરનાં મીંડા જેવુંજ નિરર્થક છે. આજ વાતને બીજાં લેખકોએ પણ બીજી રીતે નોંધી છે.

- પીલ્યાં વિના તલમાંથી તેલ નીકળતું નથી.
- પીરસાયેલું ભોજન આપમેળે થાળીમાંથી મુખમાં આવી જતું નથી.
- જ્યાં ઉદ્યમ નથી ત્યાં દેવની મદદ નથી.
- કુંભાર જેમ માટીમાંથી વિવિધ પાત્રો સર્જે છે, તેમ ઉદ્યમી ઉદ્યમ દ્વારા અનેક કાર્યો કરે છે.
- અમૃત મેળવવા દેવોને પણ મંથન કરવું પડ્યું હતુ.
- ઉદ્યોગી મનુષ્ય પુરૂષોમાં સિંહ જેવો છે, શ્રેષ્ઠ છે. વિજયશ્રી તેને જ વરી છે.
- ઉપનિષદ્ પણ કહે છે, કે ઊંઘતાનું નસીબ ઊંઘે છે, જાગતાનું જાગે છે, બેઠેલાનું બેઠું રહે છે અને ચાલતાનું ચાલે છે.

માટે સદાયે ગતિશીલ રહો. સંક્ષેપ માં એટલું જ કે ગતિશીલ રહેવું અને ગન્તવ્ય સ્થળે એટલે ધ્યેય ને પહોંચવું એમાંજ મનુષ્યની ખરી કસોટી અને મહત્તા રહેલી છે.

# જરા હસી લો!

દર્દી : "દાક્તર સાહેબ, હું બહું ઓછુ સાંભળું છુ, એટલે સુધી કે મારી ખાંસીનો અવાજ પણ મને પૂરો સંભળાતો નથી!"
દાક્તર : "ચિંતા ન કરો, હમણાં દવા આપું છું."
દર્દી : "તો એનાથી હું સાંભળતો થઈ જઈશ?"
દાક્તર : "ના, આ દવાથી તમે વધુ જોરથી ઉધરસ ખાઈ શકશો."

WITH THE COMPLIMENTS OF
BAUMANN'S BISCUITS

The Management & Staff
Wishes all Clients and Friends
a Happy Diwali and
Prosperous New Year



Murway

KLIPFONTEIN RD., RYLANDS EST. PH. 638-4392/637-3742
KASSELSVLEI RD., BELLVILLE SOUTH. PH. 94-3054/94-2523

NEW AND USED CARS • CAR HIRE

# તું અને હું

કરસનદાસ કે. પ્રજાપતિ

| | |
|---|---|
| તેં | તું |
| ઊભી હતી. | ઊભી હતી. |
| હું જતો હતો. | હું જતો હતો. |
| જરીક નજર ફેરવી મેં | જરીક નજર ફેરવી મેં. |
| જોયું'તું પાછળ, તે મલકાતી'તી, | (ના, શાને નજર ફેરવવી ? |
| કોને મને ? નયનો નચાવતી'તી ! | તેણી માફક, હશે મિલવતી— |
| ના, તેના પ્રિયતમને ! | નજર, તેના પ્રિયતમને !) |
| ન થોભ્યો હું. ને— | રે સ્મિત ! ઘાયલ થઈ |
| ચાલવા તરત માંડયું | તું પ્રતિ ચાલ્યો |
| મેં ! | હું ! |

તું ને હું

મળ્યા. મિલન થયું !

(ને પછી ?)

પ્રેમ ને પરામર્શ, પરિણય ને પડઘા !



# મેંદી રંગ પુરાણો

લેખક : રમણલાલ નરસિંહ મોરાર • (કેઈપ ટાઉન)

આપણે પશુ પક્ષી વર્ગમાં ધ્યાન લઈએ તો માલમ પડશે કે પુરુષજાતિ રંગો અને દેખાવમાં ઘણા સુંદર દેખાય છે. મનુષ્યોમાં સ્ત્રી જાતિ વધુ શણગાર થી દીપે છે. વાળમાં તેલ, ફૂલો, આંખમાં કાજળ, હાથ, પગ, કાન, નાંકમાં સોના-ચાંદીના દાગીના., વિવિધ રંગના કપડાં., અને શુભ પ્રસંગે હાથોમાં મેંદીની નકશી-ઓ માલમ પડશે.

મને જાણવા મળ્યું છે કે મેંદીનાં પાંદડાની શોધ અરબસ્થાનમાં થઈ હતી. તેઓ મેંદીને હિન્નાથી ઓળખાવે છે. ઘણા વરસો પર આરાબ તેમજ મોગલ રાજાઓ મૂછ અને દાઢી પર મેંદીનો રંગ લગાડતા. રાણીઓ અને મહિલાઓ હાથ અને પગ પર મેંદી ચઢાવતી. ધીમે ધીમે મેંદીનો વપરાશ આખા હિંદુસ્તાનમાં ફેલાયો. આજે પણ કાશ્મીર અને ઉત્તર પ્રદેશમાં વરસ-માં એક દિવસ મેંદી લગાવવા માટે રાખે છે.

લગ્નવિધિ સમયે ભારતમાં અમુક લોકો પાણીગ્રહણની વિધિમાં કન્યાના હાથ સાથે મેંદીનાં પાંદડા અને નાણા વગેરે સાથે વરના હાથમાં મૂકે છે. તેઓ માને છે કે મેંદી અખંડ સુહાગનું ચિન્હ છે.

This page is sponsored by GAMANLAL V. KASSAN

Wishing all a Happy Diwali and Prosperous New Year



**BRIJLAL AND HEMLATA KESSOW & FAMILY**

34 KHALFE AVENUE, HATTON ESTATE 7764

PHONE: 638-1806

# CULTURE
## TO TEACH AND TO LEARN

*By*

BHAVNA NATHOO PATEL

Man is a product of the society in which he lives. From birth he is taught about what is right and what is wrong, about accepted 'norms' of society. He is influenced by everything he comes into contact with and his reactions to experiences will be guided by the accepted norms. One could call this an inheritance of a culture being passed onto each generation.

Culture is used in different senses by different writers. The dictionary describes culture as being the improvement of mankind by training, by experience, by intellectual development. In short, Culture is a way of Life.

Today, man is disorientated by the ever accelerating changes. His traditional beliefs are undermined by the competitive application of technology and by political and social upheaval on a world-wide basis. Any general social ideology that predominates in a given society, is by its nature global, all-embracing. Permissive society has no predominant ideology, but this is probably unwarranted, given the emphasis on the individual, on equality and freedom, and on economy as the major branch of social activity.

Thus in being a product of society, man is also an individual. And looking around him, he is able to ask: Could society have made him a better person?

A study of ancient history will give many different versions of the antiquity of the Indian culture relative to the rest of the world.

The purpose of history is little served if one cannot derive therefrom a clear picture of the progress of man. In the study of India, with its political and economic fluxes, the transfer of nation and culture have gone undisturbed for nearly five thousand years. However, a deeper knowledge of the Indian history is essential to its understanding.

If a group of people had some common ideas and beliefs, invented and used tools and weapons for their survival, followed certain social and religious practices, formed good and bad habits and cultivated noble virtues, they would have each developed some peculiarities about their way of life. Thus culture is born. Certain beliefs and notions rule their whole life and these are expressed through their religious and social institutions. However, influences on culture not exerted from within are responsible for changes in their way of life. Thus we seldom find any culture that has remained pure.

It is when the strength of a culture dwindles, common ideas and beliefs fail to unify and faith grows dim, that confusion sets in.

Indian immigrants to South Africa brought with them a culture with many beliefs which are still being practiced religiously today and to which many more have been added. In confining to our definition of culture, this would be better described as tradition.

These traditions include:

**THE RELIGIOUS TRADITION**

The Hindu religion is so vast that there are so many gods, many beliefs, worship of idols, etc. that the individual's faith and sincerity in his belief is the only thing of importance. Almost all Hindu traditions are bound up with religious considerations. This faith and sincerity have to be cultivated so that there is an understanding of the religion.

**THE SOCIAL TRADITION**

In the process of learning, one needs to be able to communicate. Here culture provides us with a language which is used as a form of contact between people. It's importance is such that we are able to communicate with and understand both those who are learned and those who are illiterate in all walks of life.

A HAPPY DIWALI
AND
PROSPEROUS
NEW YEAR



**PARBHOO VALLABH PATEL & FAMILY**
62 MAVIS ROAD, RYLANDS ESTATE TEL: 637-6838



Diwali
Greetings
to all
Relatives
and Friends

*NAVINCHANDRA M. KOOVERJEE & FAMILY*

39 ARBA STREET
BELLMORE PARK
7764

P.O. BOX 336
GATESVILLE, CAPE 7764
TEL.: 638-2038



*Best Wishes to all Friends*
*and Business Associates*

Acme

**CLEANERS & LAUNDERERS**

**VANGUARD DRIVE, ATHLONE INDUSTRIA 7764**

**THAKOR G. BHIKHA & FAMILY**
**NAGIN G. BHIKHA & FAMILY**

Phone: 637-1376/7 637-3384 (Res.)


SATAAR PARKER

WITH COMPLIMENTS
ON THE OCCASION OF DIWALI
TO ALL CLIENTS AND FRIENDS
from


PRAKASH KHUSAL

**GOOD HOPE PROPERTY TRUST**

TELEPHONE: 32-2212/32-1183
AFTER HOURS: 638-6435/633-8532

26, MARKHAMS BUILDING, TOWN CENTRE
MITCHELL'S PLAIN 7785

**PROPERTY CONSULTANTS • BUSINESS BROKERS • RENT COLLECTORS**

**THE CASTE TRADITION**

This system is characterized in principle by an absolute hierarchical distinction between hierarchy itself, and its distribution of power.

An individual's caste is ordained by birth. This distinction of status and dominance are based on the occupations of a particular caste. Although the occupational definition seems lost, the distinction of different castes still exists today. This gives so little and is a wasteful contribution to culture.

It is important that we do not forget the problems we are faced with in this country, namely, that we are all subjected to oppressive rule; that there are so many vital factors in life to consider and that we should therefore learn and teach our cultures.

In upholding a culture, be it an Indian culture or any other culture, its teachings should contribute to the progress of mankind.



*Diwali Greetings*

**R. MAGAN & N.M. RANCHOD
& FAMILIES**

**PRIDE STYLE SHOE MNFG. CO.
(PTY) LTD.**

*MAKERS OF THE FAMOUS BARRACUDA SHOES*

WARRINGTON ROAD, CLAREMONT
PHONE: Factory: 61-1858, Orders: 25-4128



A HAPPY DIWALI
AND
PROSPEROUS
NEW YEAR

**MR. & MRS. S. GOVAN**
**MR. & MRS. B. GOVAN & FAMILY**
11 BATTS ROAD, WYNBERG





*Diwali*
*Greetings*



*from*

**ATHLONE UPHOLSTERY WORKS**

**(PROPRIETOR: R. ADAMS)**

NORDEBS BUILDING, REEN AVENUE, ATHLONE INDUSTRIA
TELEPHONE: 638-6060



*We wish all Friends,*
*Customers a*
*Joyous Diwali*
*and Happy New Year*



from

DIRECTORS AND STAFF
OF

**WORCESTER FRUITERERS**
**(PTY) LTD.**

130 DURBAN STREET, WORCESTER 6850

# તીરથ

ચંદ્રકાન્ત સી. ભગત • બિલીમોરા, ભારત

સામાન્ય રીતે ઈશ્વરના ધામને આપણે તીરથ કે તીર્થધામ કહીએ છીએ. આપણું શરીર પણ ઈશ્વર નું જ ધામ છે. કેમકે આપણા શરીરમાં ઈશ્વરનો અંશ વસે છે, કે જેને આપણે આત્માના નામથી ઓળખીએ છીએ તેથી આપણા શરીર જેવું જીવતુ જાગતું બીજું કોઈ પણ તીરથ નથી.

પરંતુ આપણે સિમેન્ટ અને પત્થરના બનાવેલા તીરથ-ધામો અને તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલી પત્થર ની પ્રતિમાઓ ની પૂજા કરવામાં એટલા બધા ઓતપ્રોત થઈ ગયા છીએ કે આપણામાં રહેલા અને આપણી આજુબાજુ જીવતા લાખો કરોડો તીર્થોની અવગણના કરીએ છીએ. બીજાના હૃદયને દુઃખ દેતાં અચકાતા નથી પણ, તીર્થક્ષેત્રમાં કોઈ ને પૈસો ન આપ્યાનું દુઃખ થાય છે. જેમની પાસે વસ્ત્રો નથી તેમને વસ્ત્રો આપવાનો જીવ ચાલતો નથી. કોઈ વ્યક્તિ સારા વસ્ત્રો પરિધાન કરે તે આપણે જોઈ શકતા નથી. એક પ્રકારની બળતરાનો અનુભવ થાય છે અને એ બળતરા આપણને તેમના વસ્ત્રોનું હરણ કરવાની કુબુદ્ધિ સુઝાડે છે અને તે પણ તીર્થધામોમાંથી પાછા ફર્યા બાદ!

આનું કારણ એ છે કે આપણે તીર્થ ને તીર્થરૂપે ઓળખતાં નથી. ઈશ્વરને ઈશ્વર ના રૂપે ઓળખતા નથી, અને મનુષ્ય ને ઈશ્વર રૂપે જોવા ઝંખતા નથી.

તીર્થોના ઉદક (પાણી) નું પાન કરવામાં આપણે પુણ્ય માનીએ છીએ. પરંતુ આપણા જીવન જળનું કોઈને પીવાનું મન થાય એવું પવિત્ર બનાવી શકતા નથી.

- આચાર અને વિચારોની શુદ્ધિનો સરવાળો એટલે તીર્થ
- કલ્યાણનું પરમશિખર તે તીર્થ
- નમી પડવાનું મન થાય તે તીર્થ
- માનવ શરીર એ સાચું તીર્થ

જ્યાં માનવીઓ પરસ્પર સન્માનની ઉચ્ચ ભાવનાથી જીવન જીવે છે તે જગ્યા તે તીર્થ. તે માનવી તીર્થંકર એટલે કે તીર્થના કરનારાઓ છે.

## Last Chance

DESPITE EVERYTHING, MAKING YOUR WILL CAN BE FUN. IT IS YOUR ONE LAST CHANCE TO GET YOUR OWN BACK ON THE WORLD.

A WEALTHY AMERICAN BANKER WROTE IN HIS WILL : " TO MY WIFE, I LEAVE HER LOVER AND THE KNOWLEDGE I WASN'T THE FOOL SHE THOUGHT I WAS. TO MY SON, I LEAVE THE PLEASURE OF EARNING A LIVING. FOR 25 YEARS HE THOUGHT THE PLEASURE WAS MINE, BUT HE WAS MISTAKEN. TO MY VALET I LEAVE THE CLOTHES HE HAS BEEN STEALING FROM ME FOR 10 YEARS, ALSO THE FUR COAT HE WORE LAST WINTER WHILE I WAS IN PALM BEACH. TO MY CHAUFFEUR I LEAVE MY CARS. HE HAS ALMOST RUINED THEM AND I WANT HIM TO HAVE THE SATISFACTION OF FINISHING THE JOB.



AN ANGLED VIEW SHOWING FRONT AND SIDE OF SCHOOL



SIDE VIEW OF SCHOOL

# FLOOR PLAN OF PRE-SCHOOL CENTRE




*GROUND FLOOR*

1. FOYER
2. OFFICE
3. MEDICAL AND ISOLATION
4. PLAYROOMS
5. NURSERY KITCHEN
6. STORE
7. TOILETS
8. DINING ROOM/MINOR HALL
9. MAIN KITCHEN
10. REFUSE ROOM

# FLOOR PLAN OF GANDHI MEMORIAL GUJARATI SCHOOL




*FIRST FLOOR*

2. OFFICE
6. STORE
7. TOILETS
11. RECEPTION
12. LIBRARY
13. MEETING ROOM
14. CLASSROOMS

A JOYOUS DIWALI & PROSPEROUS
NEW YEAR

# BALA PREMJI

## JEWELLERS

**FOR EXQUISITE GOLD AND DIAMOND JEWELLERY IN 22ct AND 18ct**

436 ALBERT ROAD
SALT RIVER 7925
TEL. 55-2200

AFTER HOURS:
TEL. 637-1992

BARCLAY-CARD & STANDARD BANK CARDS GLADLY ACCEPTED
OR OUR SPECIAL 12 MONTHS PURCHASE DEAL

# સંસ્કાર-સિંચન

શ્રી ઉમિયાશંકર જોખાકર • લેનેશિયા

કોઈ પણ મકાન બનાવતાં પહેલાં તેનો વ્યવસ્થિત પ્લાન તૈયાર કરવાની જરૂર છે. મકાનમાં જે જે સગવડો જોઈએ તે પ્રમાણે તેમાં સુધારા વધારા કરવામાં આવે છે. પ્લાન પાસ થઈ ગયાં પછી મકાન બાંધકામના નિષ્ણાત બિલ્ડરને તેનું બાંધકામ સોંપવામાં આવે છે. મકાન માટે ઉત્તમ જાતનો માલ-સામાન ખરીદ કરવામાં આવે છે. મકાન તૈયાર થઈ જતાં તેને પ્લાસ્ટર, રંગરોગાન વગેરે કરવાથી તે સુશોભિત અને રહેવા લાયક બને છે. આવા મકાન માટે સારો જેવો ખર્ચ થાય છે. એ ખર્ચને પહોંચી વળવા લોન લઈને પણ મકાન બનાવવામાં આવે છે. એ લોન ને ભરપાઈ કરવા ૨૦ કે 30 વર્ષ લાગે છે. આ બધું કરવા પાછળનો હેતુ એટલો જ છે કે આપણા એ માલિકીના ઘરમાં આપણે અને આપણો પરિવાર સુખશાંતિથી રહી શકે.

જો મકાન બનાવવા માટે ઉપર મુજબ પુષ્કળ પરિશ્રમ ઊઠાવવો પડે છે, તો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર દંપતીએ પોતાના ભાવિ સંતાનો ના સુદૃઢ , નિરોગી શરીર અને તેના સંસ્કાર-સિંચન માટે કેટલો બધો પરિશ્રમ કરવાની જરૂર છે, તે સહેજે સમજી શકાય છે. સંસ્કાર એટલે સદ્‌ગુણો વધે તેમ રહેવું અને દોષ ઓછા થાય તેવી રીતે રહેવું. સંસ્કારી જીવન બનાવવા માટે સારા માબાપ જોઈએ, સારૂં વાતાવરણ જોઈએ , સારા શિક્ષકો જોઈએ , સારી સોબત જોઈએ.

આપણી પાસે સુંદર મકાનો છે, બાળકો છે, આનંદ-પ્રમોદનાં સાધનો છે, મોટરકાર છે, ધન વૈભવ છે, છતાં આપણાં જીવન માં સુખશાંતિ છે ખરી? સ્ત્રી-પુરૂષ ના લગ્ન થતાં જ તેઓ માતા પિતા બનવાને લાયક બને છે. તેને માટે તેઓ ભાવિ સંતાન સંસ્કારી બને તે માટે કેટલો વિચાર કરે છે? પોતાનું બાળક નિરોગી, સદ્‌ગુણી અને ચારિત્ર્યશીલ બને તે માટે તેમણે જરૂરી પ્લાન તૈયાર કરી તે અંગેનું જ્ઞાન-શિક્ષણ મેળવી લીધેલું છે ખરૂ? લગ્નજીવન એ માત્ર વિષય-વાસના પોષવાનું સાધન નથી પરંતુ આરોગ્ય, સંયમ, તપ અને ત્યાગના ગુણો કેળવી ઉત્તમ સંસ્કારી સંતાન મેળવી સુખ-શાંતિથી જીવન વ્યતીત થાય તે માટે છે.

પતિનું બીજ , પત્નીના ઉદરમાં (WOMB) માં પ્રવેશે છે. ત્યાં તે નવ માસ વૃદ્ધિ પામી પુત્ર કે પુત્રી રૂપે આ જગત માં પ્રવેશ કરે છે. પુત્ર કે પુત્રીમાં પિતાનો પ્રાણ અને માતાનું શરીર હોય છે. માતાના શરીરરૂપી પિંડમાંથી જ પુત્ર કે પુત્રીનો પિંડ બને છે. આથી માતા નિરોગી હોય તો બાળક પણ નિરોગી બને છે. માતાના વિચારો, વાણી અને રહેણી-કરણી પ્રમાણે જ તેનું બાળક તેની ગોદમાં આવે છે. એક કલાકાર પોતાની બુદ્ધિથી ઉત્તમ ચિત્ર કે મૂર્તિ બનાવી શકે છે તે જ પ્રમાણે એક માતા પોતાને જોઈએ તેવું બાળક નવ માસ દરમિયાન બનાવી શકે છે. આથી જ માતાને વિધાતા કહી છે. જો માતા નિરોગી, સંયમી, ત્યાગી અને સંસ્કારી હશે તો તેનું બાળક પણ તેવું જ બનશે. જગતના તમામ મહાન પુરૂષો, કવિઓ, વિજ્ઞાનીઓ, સંગીતકારો, ચિત્રકારો, ભક્તો અને સંતો ઉત્પન્ન કરનારી અને સંસ્કારયુક્ત બનાવનારી તેમની માતા જ છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે "કોઈ પણ દેશની પ્રજા કેવી હશે તે જો જાણવું હોય, તો ત્યાંની નારીઓ કેવી છે તે મને કહો એટલે તે દેશ માટે હું મારો અભિપ્રાય આપીશ."

ઉત્તમ બીજ હોય, ઉત્તમ જમીન હોય , ઉત્તમ ખાતર, પાણી, હવા ઉજાસ હોય તો ઉત્તમ છોડ ઊગે છે અને તેના ઉપર ઉત્તમ



*SUNDAY MORNING PRAYER CLASSES FOR CHILDREN*

ફળ આવે છે. જમીનમાં પથ્થર કાંકરા હોય તો તે દૂર કરી તેને સારી રીતે ખેડવામાં આવે છે, તેમાં ઉત્તમ પ્રકારનું ખાતર નાખીએ છીએ, ત્યારપછી જ તેમાં બીજ વાવવામાં આવે છે. બીજ વાવ્યા પછી છોડ ઉપર ફૂલ-ફળ આવે ત્યાં સુધી તેની ખૂબ કાળજી રાખવામાં આવે છે. ઝેરી જંતુઓથી તેનું રક્ષણ કરવામાં આવે છે. છોડ કે ઝાડ માટે આટલી બધી કાળજી રાખવામાં આવે તો પછી પોતાની ભાવિ સંતતિ માટે માતા-પિતાએ કેટલી કાળજી રાખવાની જરૂર છે તે સમજી શકાય તેમ છે. પુરૂષ એ બીજ છે તો સ્ત્રી એ જમીન છે. તેથી ઉત્તમ બીજ માટે પુરૂષનું શરીર નિરોગી અને સુદૃઢ હોવું જોઈએ. તેના માતા-પિતા તરફથી તેને વારસામાં કોઈ પણ રોગ મળેલો હોવો જોઈએ નહિં. તેને માદક પદાર્થો તેમજ ચા-બીડી-ભાંગ-ગાંજો વગેરેનું વ્યસન હોવું જોઈએ નહિ. તે શાકાહારી, સાત્ત્વિક સાદો ખોરાક ખાનારો હોવો જોઈએ. તે બ્રહ્મચર્યનું પાલન કરનારો, બુદ્ધિશાળી અને સંયમી હોવો જોઈએ, પતિ-પત્ની વચ્ચે શુદ્ધ પ્રેમ હોવો જોઈએ. તેવી જ રીતે સ્ત્રીમાં પણ ઉપર મુજબ ગુણો હોવાં જોઈએ. વધુમાં તે સદાચારી, સુશિક્ષિત અને ધાર્મિકવૃત્તિવાળી તેમજ પ્રજા ને ઉછેરવાની તેનામાં યોગ્યતા હોવી જોઈએ.

ઉત્તમ પ્રજાની ઈચ્છાવાળા સ્ત્રી-પુરૂષો! તમે સામાન્ય આરોગ્ય વાળા હશો, તો પણ ઉપર મુજબના નિયમો પાળવાનો આગ્રહ રાખશો, તમારૂં જીવન સદાચારી અને સંયમી હશે તો તમે નિરોગી, સુંદર, બુદ્ધિશાળી અને ચારિત્ર્યવાન સંતતિના માબાપ થવાને ભાગ્યશાળી થશો.

ગર્ભાશયમાં, ગર્ભની શરૂઆતથી જ નવ માસ અને દશ દિવસ જો માતા, તેના આહાર-વિહાર, વિચાર, વાણી અને વર્તનમાં સદા જાગ્રત રહે તો તે પોતાની ઈચ્છા પ્રમાણેનું બાળક ઉત્પન્ન કરી શકે છે. માતા જે ખોરાક ખાય છે તેના રસ અને લોહીથી બાળકનો પિંડ-શરીર બંધાય છે અને વૃદ્ધિ પામે છે. તેથી માતાએ તેના ખોરાકમાં ગર્ભાવસ્થાની શરૂઆતથી જ ફેરફાર કરી નાખવાનું વ્રત લેવું જોઈએ. તેણે સાદો, પચે તેવો, સાત્ત્વિક, ફળો, શાકભાજી, દૂધ ખોરાક લેવો જોઈએ. ગર્ભાવસ્થા દરમિયાન મરી-મસાલા, તળેલાં પદાર્થો તેણે તદ્દન બંધ કરી દેવા જોઈએ. આમ કરવાથી ગર્ભનું બાળક પુરેપુરૂં નિરોગી અને સુદૃઢ બન્યા વિના રહેશે નહિ. વળી ગર્ભવતી સ્ત્રી એ એક ખુલ્લો કેમેરો છે અને બાળક એ તેમાંની ફિલ્મ છે. ખુલ્લા કેમેરામાં દરેક વસ્તુના ચિત્રો ફિલ્મ ઉપર પડે છે, તેવી જ રીતે માતાના વિચાર, વાણી અને વર્તનના ચિત્રો બાળકના મગજ ઉપર પડતા રહે છે. જો માતા ગર્ભાવસ્થાથી બાળકના જન્મ સુધીની પોતાના ખોરાક, રહેણી-કરણીની દરરોજની નોંધ રાખે તો તેનુ બાળક કેવું બનશે તેની તેને ખબર પડશે. લોકો કહે છે કે જમાનો બદલાઈ ગયો છે. બાળકોનાં વિચાર, વાણી, ભાષા, વર્તન બધું બદલાઈ ગયું છે. તેને માટે દરેક ગર્ભવતી માતા જ જવાબદાર છે. આજની ભારતીય નારી ફેશનના નામે, તેના વિચાર, વાણી અને વર્તનમાં બદલાતી રહે છે, તેની અસર આજના બાળકોમાં જોવા મળે છે. ગર્ભાવસ્થામાં પડેલાં સારાં કે નબળા સંસ્કારો બાળકના જન્મ પછી તેના આખા જીવન દરમિયાન રહે છે. તે કોઈ પણ ઉપાયે દૂર કરી શકાતાં નથી.

ગર્ભાવસ્થાથી જ માતા જે ભાષા બોલતી કે સાંભળતી હોય તેજ ભાષા બાળક શીખે છે. ભાષાનું જ્ઞાન શાળામાં મળતું નથી, પરંતુ ગર્ભાવસ્થામાં માતા પાસેથી, જન્મ પછી માતા-પિતા અને કુટુંબ પાસેથી ઘરમાંથી જ મળે છે. શાળામાં તો ભાષાનો વિકાસ જ માત્ર થાય છે. વાચનથી તે વધુ દૃઢ બને છે. ગુજરાતી પ્રજા જો પોતાની માતૃભાષા ગુજરાતીને જીવંત રાખવા ઈચ્છતી હોય તો દરેક માતા ગર્ભાવસ્થાથી જ ગુજરાતી ભાષા બોલે, સાંભળે અને તેનું વાચન કરે. આજનાં બાળકો નાનપણથી જ અંગ્રેજી ભાષા સુંદર રીતે બોલે છે તેનાં કારણ સૌ કોઈ સમજી શકશે. માતા-પિતા અને ઘરનાં સૌ નાના-મોટાં બધાંજ અંગ્રેજી ભાષામાં વ્યવહાર કરતાં હોય તેથી



*A Happy Diwali*
*and a*
*Prosperous New Year*

# SALON HARRY

**UNISEX HAIRDRESSERS**

Where Hairstyles never end

38 DORP STREET
CAPE TOWN
TEL.: 23-2661

42 PORTLAND ROAD
SALT RIVER
TEL.: 55-8970

## BHIKSOOK INVESTMENTS (PTY.) LTD.

H.B. GOVAN (Director)

જન્મેલું બાળક જન્મથી જ એ ભાષા પકડી લે છે. વળી માતા પોતાનાં બાળકને 'મા' કહેડાવવાને બદલે 'મમ્મી' કે 'મામી' અને પિતાને 'ડેડી' કે 'ડેડ' કહેડાવવાનો આગ્રહ રાખે છે. એ તેની મોટામાં મોટી ભૂલ અને પશ્ચિમનું આંધળું અનુકરણ છે.

આજના યુવાન-યુવતીઓમાં એવો ખોટો ભ્રમ પેસી ગયો છે કે તેઓ અને તેમનાં બાળકો અંગ્રેજી ભાષા બોલે અને પશ્ચિમની રહેણી - કરણી પ્રમાણે વર્તે તેમાં તેઓ ગૌરવ અનુભવે છે અને પોતે ખૂબ જ સુશિક્ષિત છે એવું માને છે. બાળક ત્રણ-ચાર વર્ષનું થતાં તેને અંગ્રેજી મિડિયમ વાળી નર્સરી સ્કૂલમાં - બાલમંદિરમાં મૂકવાનો આગ્રહ સેવે છે ત્યાં તેને ગર્ભમાં મળેલા અંગ્રેજી ભાષાના સંસ્કાર વધુ દૃઢ બને છે. પાંચ વર્ષનું બાળક થતાં તેનામાં અંગ્રેજી ભાષા અને પશ્ચિમના સંસ્કાર પૂરેપૂરા દૃઢ બની જાય છે. આથી તેઓ ગુજરાતી માતૃભાષાથી તદ્દન વંચિત થઈ જાય છે. તેમનું ગુજરાતી વાચન-લેખન વ્યવહાર તદ્દન બંધ થઈ જાય છે. અને અંગ્રેજી પુસ્તકો દ્વારા પશ્ચિમની રહેણી-કરણી તેના આખા જીવનમાં ઓતપ્રોત થઈ જાય છે. તેમને ધાર્મિક શિક્ષણ પણ અંગ્રેજી ભાષા મારફતે જ અપાતું થઈ જાય છે. છ સાત વર્ષે તેને ગુજરાતી શાળામાં દાખલ કરવામાં આવે છે, ત્યાં તેને ગુજરાતી ભાષા પરભાષા જેવી લાગે છે. ત્યાં પણ તે અંગ્રેજી ભાષા દ્વારા જ ગુજરાતીનું થોડું ઘણું અલ્પ જ્ઞાન મેળવે છે. પરંતુ ઘરનાં માણસો અને બાળમિત્રો સાથે તો તેની દિનચર્યા અંગ્રેજી ભાષા દ્વારા જ ચાલે છે. તેનું ગુજરાતી વાચન- લેખન નજીવું જ હોય છે. તેથી ગુજરાતી ભાષાનો તે વિકાસ કરી શકતું નથી. ગુજરાતી શાળામાં તે પાંચ છ વર્ષ રહે છે. પરંતુ ગુજરાતી ભાષા શીખવા - વાંચવા - લખવામાં તેને રસ પડતો નથી. છેવટે ગુજરાતી શાળા છૂટતાં તેની માતૃભાષા ગુજરાતી સાથેનો સંપર્ક હંમેશને માટે છૂટી જાય છે. આમ ભાષા જતાં, ધર્મ અને સંસ્કૃતિ વિસરાતી જાય છે. તેઓ હિંદી-ગુજરાતીમાં લખાયેલાં રામાયણ - મહાભારત - ભાગવત ગીતા જેવા ભારતીય સંસ્કૃતિથી ભરપૂર, જેમા અગાધ જ્ઞાન ભરેલું છે, તેનાથી તેઓ સદાને માટે વંચિત રહે છે. તેમના મગજ માં પશ્ચિમના ભોગ - વિલાસ થી ભરપૂર એવા સંસ્કારો એવા તો ઘર કરી બેસે છે કે સંયમ, સેવા, ત્યાગ, પરમાર્થ - માન - વિવેક - સભ્યતા - નમ્રતાની વાતો હાસ્યપ્રદ લાગે છે.

બીજી અગત્યની બાબત એ છે કે આજની માતા પોતાના બાળકને સ્તનપાન (BREAST-FEEDING) કરાવતી નથી. તેમ કરવામાં તે હિણપત માને છે. તેનામાં એવો ખોટો ભ્રમ પેસી ગયો છે કે બાળકને સ્તનપાન કરાવવાથી પોતાની સુંદરતા જતી રહેશે. તેને એટલો પણ નથી ખ્યાલ આવતો કે કૃપાળુ પરમાત્માએ તેના બાળકના પોષણ માટે માતાના લોહીનું દૂધમાં રૂપાંતર કર્યું છે. પરમાત્મા સિવાય લોહીનું દૂધ કોણ બનાવી શકે ? માતાનું અને બાળકનું લોહીનું તત્ત્વ એક જ હોય છે. તેથી માતાના લોહીમાંથી બનેલું દૂધજ બાળકનાં પોષણ અને વિકાસ માટે યોગ્ય ગણાય. સ્તનપાન કરાવતી વખતે માતાના તમામ સંસ્કારો - પ્રેમ વગેરે બાળકમાં ઉતરે છે. વળી સ્તનપાન થી બાળક અને માતાને જે અલૌકિક આનંદ મળે છે તેનાથી માતા અને બાળક વંચિત રહે છે. સ્તનપાનથી જ માતા અને બાળક વચ્ચે સ્નેહ - પ્રેમ - લાગણી - મમતાની ગાંઠ બંધાય છે અને તે કાયમ માટે ટકે છે. બોટલનું દૂધ એ અકુદરતી છે. તે બાળક ને એકદમ અનુકુળ આવતું નથી. પશુઓ પણ પોતાના બચ્ચાંને પોતાનું ધાવણ ધવરાવી પોતાના ગુણો તેના બચ્ચાંમાં ઉતારે છે. આથી જ તેઓ પોતાનાં માબાપ ના ગુણો પ્રમાણે જીવન ગુજારે છે. ભારતીય સંસ્કૃતિ પ્રેમી સંત મોરારી બાપુ પણ બહેનો ને વિનંતિ કરે છે કે "દરેક ભારતીય માતા પોતાના બાળકને પોતાના દૂધનું પાન કરાવે. બાળકને એ રીતે જ માતાના સંસ્કાર મળશે. સ્તનપાન એ શ્રેષ્ઠ છે. બોટલના દૂધથી માતાઓએ દૂર રહેવું જોઈએ." તેઓ વ્યંગમાં કહે છે કે "આજનું બાળક તેની માતા મરી જાય તો રડતું નથી, પરંતુ બોટલ તૂટી જાય તો રડે છે." સ્તનપાન વિના બાળક અને માતા વચ્ચેનો ગાઢ પ્રેમ - સંબંધ કેવો તૂટી જાય છે.

*Best wishes for*
*a Happy Diwali and a*
*Prosperous New Year*



**KHOOSALBHAI, BHAVANBHAI, RAMANBHAI,**
**AMRITLAL & JAIRAMBHAI VANMALI PATEL**
**& FAMILIES**

10 GOLDSMITH ROAD, SALT RIVER 7925

આજના બાળકોમાં માતા-પિતા પ્રત્યે પ્રેમ ઘટતો જાય છે તેનું મુખ્ય કારણ આ પણ છે. માતા આ વાત અવશ્ય ધ્યાન માં રાખે.

છેલ્લે ભારતીય માતાઓને નમ્ર વિનંતિ છે કે દરેક સૌભાગ્યવતી સ્ત્રી કપાળમાં ચાંલ્લો કરે છે. કંકુનો લાલ ચાંલ્લો એ ભક્તિ અને સેવાનું પ્રતીક છે. લાલ કંકુથી તે કપાળમાં રહેલા જ્ઞાન અને સદ્‌બુદ્ધિ ની પૂજા કરે છે અને પ્રભુ પાસે પોતાનું સૌભાગ્ય માંગે છે. ચાંલ્લો એ શોભા કે ફેશન નથી. એ ભારતીય સન્નારી હંમેશા યાદ રાખે. અને કંકુનો લાલ ચાંલ્લો કરી પોતાના પતિનું અને જ્ઞાનસ્વરૂપ પરમાત્માનું સદા પૂજન કરતી રહે અને એ રીતે સદ્‌બુદ્ધિ અને સદ્‌ગુણો - પ્રેમ-સેવા-ત્યાગ-સભ્યતા-વિવેક - લજ્જા - નમ્રતા વગેરે પ્રાપ્ત કરી બીજાને સુખી કરી પોતે સુખ-શાંતિનો અનુભવ કરી પોતાના માતૃત્વને દીપાવે.

અંતમાં ભારતીય માતાઓ! તમે આ જગતને ઉત્પન્ન કરનાર આદ્ય શક્તિ છો. તમે જ સરસ્વતી-લક્ષ્મી અને પાર્વતી છો. તમારી કુખે મહાન પુરૂષો, સંતો, સમાજસુધારકો જન્મ લેવા રાહ જોઈ બેઠા છે. જો તમે માતા પૂતળીબાઈ જેવા વ્રતધારી અને સંયમી બનશો તો મહાત્મા ગાંધી જેવી વિભૂતિ આપની કુખે અવશ્ય અવતરશે. દેવકી અને કૌશલ્યા જેવા ધાર્મિક બનશો તો કૃષ્ણ અને રામ જેવા મહાન સંતાનો તમારે ત્યાં જન્મ લેશે. માટે પરદેશમાં વસીને પશ્ચિમનું આંધળું અનુકરણ છોડી દો. સમાજ ને સંસ્કારી બનાવવાની જવાબદારી તમારી છે. તમે બદલાશો તો ટૂંક સમયમાં આખો સમાજ બદલાઈ જશે. માટે કપાળમાં કંકુનો ચાંલ્લો - ઊગતા સૂર્યનું દર્શન - ગાયત્રીમંત્ર નો જાપ - ગર્ભાવસ્થાથી જ ગુજરાતી ભાષાનું બાળકને શિક્ષણ, ઘરમાં અને કુટુંબમાં ગુજરાતી ભાષા દ્વારા વ્યવહાર - બાળક ને સ્તનપાન (BREAST FEEDING), કુટુંબ સાથે દરરોજ સાંજે પાંચ મિનિટ પ્રભુ પ્રાર્થના, આરતી વગેરે સંસ્કાર-સિંચન કરવાની પ્રતિજ્ઞા આજે જ લો, જેથી ભારતીય નારીનું ગૌરવ જગતમાં ઝળકતું રહે.

---

# જરા હસી લો!

દાક્તરે દર્દીને ઘણી વાર તપાસ કર્યા બાદ કહ્યુ : "આ કોઈ જૂની બીમારી લાગે છે જે તમારા આરોગ્યને અને માનસિક શાંતિને નષ્ટ કરે છે."

દર્દી : "અરે દાક્તર સાહેબ, જરા ધીમે બોલો! એ બીમારી બહાર જ અહીં બેઠી છે." (બહાર એની પત્ની બેઠી હતી.)


A Joyous Diwali & Prosperous New Year



DR. & MRS. THAKOR R. DAYARAM
& FAMILY
80 SHAANTI CRESCENT, GATESVILLE 7764



A HAPPY DIWALI
AND
PROSPEROUS
NEW YEAR

**MR. RAMAN VALLABH & FAMILY**
30 YUSUF GOOL BOULEVARD, GATESVILLE 7764
TELEPHONE 637-1778

"LET NOBLE THOUGHTS
COME FROM ALL SIDES"

*Divali Greetings*
*to all*
*relatives and friends*

FROM
**MR & MRS B. MAGAN**
**MR & MRS K.B. MAGAN & FAMILY**



**a Happy Deepavali and a Prosperous New Year**

**MRS. LEELA VASAN BAWJEE**
c/o Ansus Shoe Centre,
3 Logday House,
Retreat Road, Retreat 7945
Phone: 72-1693

# RAKSHA BANDHAN

*Submitted by*

RAMLAL L. HARRY

In the month of Sravana, we have a festival that is very unique. It is called Raksha Bandhan. (Raksha — protect. Bandhan — bond. A bond of protection.) This festival was celebrated on the 11th August, this year. In the Hindu religious system the relationship between brother and sister is greatly emphasised. The ideal is to see every woman as a sister and every man as a brother. This high ideal is brought to our remembrance by practice on this particular day. On this day the initiative is placed in the hands of the Lady. On this day she wishes her brother, born or adopted the best of everything. The brother accepts her goodwill and feels the sisterly bond being strengthened. But this is not all; though, on this day a symbol or a token of brotherly affection may be placed; the lady has the prerogative to accept any man as her brother at all times. As soon as she accepts him as a brother the man is honour bound to accept her as his sister.

This had a tremendous effect on the morality of the society. The feeling of love towards one another had an ideal peacefulness that is even difficult to imagine today.

No lady can say that she is helpless with her tremendous power and ability to give this love. The world is her own family. Our ancient seers fathomed this out for us, and embedded this truth in a ritual. It is a folly to think this ceremony was suitable in the past, and, people have changed so that it does not have any present value in our present society. It is quite the opposite. In our present society we should understand the true value of these customs, practice them, and broaden our fields which will make for harmony and peaceful co-existence all around. Is it any wonder that thoughtful Westerners are adopting this and other such customs today?

In Gujarat there is a strong movement associated with this festival. Ladies are coming forward to adopt as brothers men who have been imprisoned for criminal offences. The results have been startling. Psychologically a man who knows that there is a sister who is sincerely interested in his welfare, and who has love for him, has the will to do what society expects him to do. He wants to live up to the love a sister has bestowed upon him. No other rehabilitation method has proved so effective as this. It is again the victory of truth over evil.

If this is possible with people who are misfits of a society, imagine the potential at the normal level.

On this auspicious day may you have at least one brother who loves you as you do, and you, a sister that loves you too. If not, please seek one as it is not worthy of a Hindu, not to experience this wonderful unfoldment of latent inheritance which is within us and is ours.


*Best Wishes for*
*a Happy Diwali*
*and the*
*New year*



FROM

**SURWELL PHARMACY**

**Surrey Estate • Phone: 637-2013**

**MR & MRS MITHAL PARSOTAM**

**MR & MRS HIMAT PARSOTAM & FAMILY**

# K. HARIBHAI & SONS (PTY.) LTD.

## WHOLESALE MERCHANTS

*TRY US FOR ALL YOUR REQUIREMENTS:*

- **WHOLESALE AND RETAIL**
- **IT WILL PAY TO VISIT US — AMPLE PARKING**
- **PLEASE WRITE OR PHONE FOR OUR KEENEST PRICES**
- **QUALITY PRICES ON APPLICATION**

**Wholesalers and Stockists of:**

* ALMONDS (JORDAN)
* CHINA GRASS
* DRIED BEANS & PEAS
* ALMOND POWDERS
* PISTA-NUTS
* COCONUT CHIPS
* PAWA — MAMRA
* CASHEW NUTS, ROASTED AND PLAIN
* LAPSI
* LEACHI
* SPECIAL ELACHI SYRUP
* SPECIAL ROSE SYRUP
* SPECIAL ROSEWATER
* CHINA GRASS JELLY
* TUKMARIA

* KHAREKH *(DRIED DATES)*
* ROASTED CHANA
* CRUSHED MOONG
* GRAMFLOUR
* SHELLED NUTS
* INDIA RED TAMARIND
* INDIA DOTTED POTS — DEEP AND SHALLOW
* PAPER PLATES AND CUPS
* MUZZA RICE
* GOLDEN BREYANI RICE
* HARIBHAI SPECIAL RICE
* BASMATI RICE
* KHS LONG GRAIN WHITE RICE
* SIAM PARBOILED AND PEAS
* LENTILS — WHOLE AND SPLIT

* INDIAN DHALLS
* COWPEAS
* INDIAN CONDIMENTS
* WHOLE SPICES
* CAMPHOR
* BETEL NUTS
* SAFFRON
* BUTTER GHEE
* PISTA — CHAROLI
* DATES — FIGS
* DESSICATED COCONUT
* PEA FLOUR
* AGARBATTIS
* SHELLED NUTS
* LARGE COPPER POTS
* SALT, ETC.

**20 CARLISLE STREET, DURBAN 4001, SOUTH AFRICA**
(OPP.: ARYAN HALL — NEXT TO VEDIC HALL)

**TEL. ADD.: "BHAISONS"**
**TELEX: 6-20075**

**P.O. BOX 2156**
**DURBAN**

**TELEPHONES: 31-8784/31-8785**
**61730**

# K. Haribhai & Sons

## THE AGARBATTI SPECIALISTS



Sole Distributors of the Following Brands:

Jai Santoshi Maa
Sugandha Saringar
Pushpa Rani
Param Anand
Peace of Mind
Lotus Feet
Vishnu Pooja
Sandalwood
Roses of India
Evening in Kashmir
Suraj Dev
Musk
Jasmine
Mogra
Lavender
Rose Bathi
Parijatak
Sugandh Rani




Phool Chaman
Raj Kamal
Red Champa
444 Steamer Brand
Duva
Neeta Rani
Lord Krishna
Mosquito Repellant
Raj Mahal
Raj Champak
French Rose
Three Flowers
Five Flowers
Taj Mahal
Evening in Taj
Four Roses
Roses of Heaven
Rose Garden

Telephones:
318784
318785
318786
61730 Accounts

Telex 6-0075 S.A.
Tel. Add: "BHAISONS"
20 Carlisle Street
DURBAN 4001
P.O. Box 2156, DURBAN 4000

313328, 313329, 320569—C.K. Haribhai. 63322—V. Harie

Jai Santoshi Maa
Sugandha Saringar
Puspha Rani
Param Anand
Peace of Mind
Lotus Feet
Vishnu Pooja
Sandalwood
Roses of India
Suraj Dev
Musk
Jasmine
Mogra
Lavender
Rose Bathi
Parijatak
Sugandh Rani
Garden of Eden
Loban
King of Mogra
Lata Mangeshkar
Red Rose
Krishna Leela
Tejasvita
Multani Darbar
Gateway of India
Bedroom Special




Phool Chaman
Raj Kamal
Red Champa
444 Steamer Brand
Duva
Neeta Rani
Lord Krishna
Mosquito Repellant
Raj Mahal
Raj Champak
French Rose
Three Flowers
Five Flowers
Taj Mahal
Evening in Taj
Four Roses
Roses in Heaven
Rose Garden
Evening in Kashmir
Evening in Paris
My Love
Delux Mogra
Train Rose
Jivan Jyoti
Flower King
Laxmi Puja
Shirin

## CONE INCENSE

• Krishna Leela • Chandan Dhoop • Lotus Feet • Laxmi Dhoop
• Gateway of India • Soma Perfume Dhoop



# Diwali Greetings

**CYCLONE MAGS**
**R215,00 SET 13"**
*Fitted and balanced*

**MERCEDES MAGS**
**R399,00 SET**
*(German)*

**DUST COVERS**
*for Mag Wheels*
*BMW & MERC.*
**R19,95**

**NOSARKA REATREADERS**
**VANGUARD DRIVE, ATHLONE INDUSTRIA**
PHONE: 637-1245 • G.S.T. EXCL • FITTING FREE



*Diwali Greetings*

**GOPALDAS N. RANCHOD (BILLIMORIA)**
**& FAMILY**

101 MIDDEL ROAD, RYLANDS ESTATE
TELEPHONE: 637-9601

# HOT SPICE

Quality Products

*for the best in*

**SPICE PRODUCTS**
**GOLDEN CRACKLES**
**INSTANT MASALA**

*insist on Hot Spice*

*With the best wishes for a Happy Diwali*

from

## HOT SPICE PRODUCTS
**(PTY) LTD.**

Connoisseurs of Spices

NEW FACTORY PREMISES:

Cnr. Reen Road, & Carrick Crescent,
Athlone Industria
Phone: 638-3132/3

Telex: 57-22467 P.O. Box 2131 Cape Town 8000

# વેપારી કરોળિયો



## (બાળવાર્તા)

લેખક: ઘેલાભાઈ રણછોડજી • કેઈપ ટાઉન

એક હતો કરોળિયો. એને વેપાર કરવાનું મન થયુ, પણ વેપાર શેનો કરવો? બહું વિચાર કર્યા પછી એણે કાપડની દુકાન કરી. પોતે રૂપેરી તાર કાઢી કાઢીને ભાત ભાતનું કાપડ વણ્યું. પછી બે ડાળીઓ વચ્ચે કાપડના નમુના લટકાવીને બાજુમાં બેઠો. "કોઈને કાપડ લેવું છે? જાતજાતનું સુંદર ડીઝાઈન વાળુ?" આ પ્રમાણે કરોળિયા એ બૂમો પાડવા માંડી.

સૂરજદાદા ચમકતા હતા. એમના તેજથી રેશમી તાર વાળું કાપડ ખૂબ સુંદર લાગતું હતું. થોડી વારમાં જંગલના પ્રાણીઓ એકઠાં થઈ ગયાં. કાપડ ખરીદવા પડાપડી થવા માંડી. ત્યાં તો ઝાડની ડાળી પરથી એક કાગડો ઉડયો. જાણી જોઈને એ કાપડ વચ્ચેથી ઉડયો અને કાપડમાં મોટાં મોટાં ગાબડાં પડી ગયાં. આ જોઈને પ્રાણીઓ બધાં ચોંકી ગયા. "કાપડ દેખાય છે સુંદર, પણ ટકાઉ નથી!" આમ બોલી પ્રાણીઓ જતા રહયાં. બિચારા કરોળિયા એ નિરાશ થઈ દુકાન બંધ કરી.

કરોળિયો હિંમત હારે એવો ન હતો. હવે શેનો વેપાર કરવો એ વિચાર કરવા લાગ્યો. ત્યાં ઓચિંતા જ એને વિચાર આવ્યો, અને એ ખુશ ખુશ થઈ ગયો. બે ઝાડ ના થડ વચ્ચે એણે તાર બાંધ્યા. પછી જોર જોર થી બૂમ પાડવા લાગ્યો "કોઈ ને રોપ-વે-ટ્રેન માં બેસવું છે? - માત્ર દશ પૈસા. તાર પર લટકતી ટ્રેનમાં બેસવાના દશ પૈસા!" બધાં જંતુઓ દોડયાં. દશ પૈસા લઈને કરોળિયો એમને પોતાની ઉપર બેસાડીને સામા ઝાડ પર લઈ જાય અને પાછો લાવે. પણ કરોળિયો આ રીતે થોડી કીડીઓને પોતાની ઉપર બેસાડી લઈ જતો હતો, ત્યાં એક પતંગિયુ તાર સાથે અથડાયું. તાર તૂટી ગયો. કરોળિયો અને કીડીઓ નીચે ભોંય પર પડયાં. બધાં જંતુઓ ગભરાઈને ભાગી ગયાં.

આથી કરોળિયો થોડોક નિરાશ તો થયો, પણ હિંમત હારે તેવો ન હતો. હવે શેનો વેપાર કરવો તે વિચારવા લાગ્યો. થોડી વારમાં એને એક સરસ વિચાર આવ્યો, અને એ પાછો ખુશ ખુશ થઈ ગયો. બપોરે સખત ગરમી પડતી હતી. બપોરની મુસાફરી કરતા કીડી મંકોડા જેવા જંતુઓને ખૂબ તરસ લાગે, તો પાણી કયાંથી પીએ? એટલે કરોળિયો એક કૂવા પાસે જઈને બેઠો, પછી પોતાના ચાર પાંચ તાર લટકાવીને પાણી સુધી પહોંચાડયા અને બૂમો પાડવા માંડી. "ઠંડુ પાણી પીઓ, ઠંડુ પા-આ-આ-ણી. ફક્ત પાંચ પૈસામાં પાણી!" (ચાલુ)

This page sponsored by SHELL SOUTH AFRICA (PTY) LTD.

ઘણાં મંકોડા ફરવા જતાં હતા. એમને ખૂબ જ તરસ લાગી હતી. એમણે કહ્યું, "અરે કરોળિયાભાઈ, અમારે પાણી પીવું છે!" કરોળિયો એક મંકોડાને પીઠ પર બેસાડી ધીમે ધીમે કૂવામાં ઉતર્યો. મંકોડાએ પાણી લીધું. એટલે તાર પર ચઢીને કરોળિયો ઉપર આવ્યો. આમ ચાર મંકોડાઓએ સરસ રીતે પાણી પી લીધું, પણ પાંચમાં મંકોડાને લઈ કરોળિયો જતો હતો, ત્યાં પવનનો એક એવો ઝપાટો આવ્યો, કે તાર તૂટી ગયો. આથી કરોળિયો અને મંકાડો બેઉ પાણીમાં પડયાં. પણ નસીબ સારૂં કે પાણી ઉપર તરતાં એક પાંદડા ઉપર તેઓ પડયાં.

પાંદડા ઉપર પડતાં જ કરોળિયાએ આઠ હાથે હલેસાં મારવા માંડયાં. માંડ માંડ થોડી વારે કાંઠે આવ્યાં. પણ આ જોઈને બધાં મંકોડા ભાગી ગયાં. હવે તો કરોળિયો માથે હાથ દઈને બેઠો. બીજે દિવસે બધા પ્રાણીઓને એમ હતું કે કરોળિયો હવે વેપાર નહિં કરે, પણ તે હિંમત હારે તેવો ન હતો. બીજે દિવસે બધાં પ્રાણીઓએ જોયું, કે કરોળિયો એક નાનકડા ઝરણાને કાંઠે બેઠો હતો. બાજુમાં પાંદડાની હોડી હતી. કરોળિયો બૂમો પાડતો હતો. "હોડીમાં બેસો ને સહેલ કરો. સામે કિનારે જવાના દશ પૈસા!" વેપારી કરોળિયાની હિંમત જોઈને બધા પ્રાણીઓ ખુબ ખુશ થયાં, અને હોડીમાં બેસવાની પડાપડી થવા માંડી.

---

# જરા હસી લો!

પત્ની (જોશીને): પંડિતજી, મારા પતિનો ભૂતકાળ જોઈ આપો."
જોશી : "કેમ ભૂતકાળ ?"
પત્ની : "એમનો વર્તમાન અને ભવિષ્યકાળ તો મારા હાથમાં છે."

---

# પાન - સોપારી

"દીપક"
ઉમિયાશંકર જોખાકર

માનવ જન્મે છે જ્યારે, ધર્મ કે જાતિ નથી હોતાં
માનવ જ ભેદ સર્જે છે, તેથી માનવ માનવ નથી રહેતાં.

માન - મર્યાદા ઢાંકવા, વસ્ત્રો અંગે પહેરાય છે.
ફેશનની એ આરસી માં, મર્યાદા ઊડી જાય છે.

મૂઠી ભરીને બાળક, માનવતા ખૂબ લાવે છે.
ઢીંગલા ઢીંગલીના મોહમાં, માનવતા સરકી જાય છે.

સંસારમાં માનવ વસે, માનવતા દીસતી નથી,
માણસાઈની છે અછત, શાંતિ તણી હસ્તી નથી.

માનવ માંગે છે સંપત્તિ, વળી સંતાન ઝંખે છે,
મળે છે બેઉ સાથે તો, પછી સંતાપ ડંખે છે.

જગતમાં એક વસ્તુ છે, જે સૌને આપવી ગમતી,
એ છે કીંમતી શિખામણ, ન કોઈને લેવી ગમતી.

---

This page sponsored by SHELL SOUTH AFRICA (PTY) LTD.




રજૂ કરનાર
ગુજરાતી શાળાઓના
વિદ્યાર્થીઓ

## ઈશ્વર નું અસ્તિત્વ


કુમારી આશીના
શ્રી ગુજરાતી વૈદિક શાળા — પીટરમેરીટ્સબર્ગ


એક યુવાન રમણ મહર્ષિ પાસે આવ્યો.
તેણે મહર્ષિને પૂછ્યું : "મારે બે પ્રશ્નો પૂછવા છે!"
મહર્ષિએ રજા આપી.
યુવક બોલ્યો : "ભગવાન દુનિયાની અંદર આવો ઘોર અન્યાય કેમ ચાલવા દે છે?"
"આ પ્રશ્ન તું ભગવાન પાસે જઈને એમને જ પૂછ."
"હું ભગવાન પાસે જઈ શકતો નથી."
"તો પછી તું જેની પાસે જઈ શકે નહીં તો એને પ્રશ્ન કેવી રીતે કરી શકીશ?"
થોડી વાર બાદ યુવાને બીજો પ્રશ્ન પૂછયો. તે બોલ્યો : "મને ઈશ્વર ના અસ્તિત્વમાં શંકા છે."
"કેમ?"
"આપણને ઈશ્વર પ્રત્યક્ષ દેખાતા નથી."
"એટલે?"
"જ્યાં સુધી આપણે ઈશ્વર ને નજરોનજર જોઈ શકીએ નહી, ત્યાં સુધી આપણે કેવી રીતે કહી શકીએ કે ઈશ્વર છે? મને પણ ભગવાન નજરે જણાતા નથી એટલે જ હું ભગવાન માં માનતો નથી.
"મહર્ષિ બોલ્યા : "તારી વાત સાચી હશે, પણ હું તને એક બીજી વસ્તુ જણાવું. હું તારૂં મગજ જોઈ શકતો નથી તેથી હું માનુ કે તારે મગજ નથી, એ વાત શું સાચી છે? આવું જ તું ભગવાન વિશે વિચારે, એટલે ભગવાન ના અસ્તિત્વ વિશે તને લેશ પણ શંકા રહેશે નહીં."

## પોતાનો ગુનો કબુલ કરનાર છોકરો


પ્રીતિબાલા વિનયચંદ્ર પટેલ
શ્રી વૈદિક ગુજરાતી શાળા — પીટરમેરીટ્સબર્ગ


એક નિશાળમાં પાઠ લેવાના વખતે નિશાળિયા સિસોટી વગાડતા હતા, તેથી મહેતાજીએ કહ્યું, "હવેથી જે કોઈ પાઠ વેળાએ સિસોટી વગાડશે તેને સજા કરવામાં આવશે." આથી તે દિવસે તો કોઈએ સિસોટી વગાડી નહીં પણ બીજે દિવસે સિસોડી સંભળાઈ. વર્ગમાં મસ્તીખોર અને ઘડી ઘડીએ સિસોટી

Knobbs

**Heartiest greetings to all for a happy deepavali and a prosperous new year**

P.O. BOX 131, GATESVILLE 7764

વગાડનારો એક છોકરો હતો. તેણે જ સિસોટી વગાડી હશે, એવું ધારીને મહેતાજીએ તે છોકરાને પાસે બોલાવ્યો. છોકરાએ કહ્યું કે :"મેં વગાડી નથી." પણ તેના બોલવા ઉપર ભરોસો નહીં મૂકતાં, મહેતાજી તેને મારવા માટે સોટી ઉગામે છે, તેટલામાં જ એક છોકરો આવીને બોલ્યો : "સાહેબ, એણે સિસોટી વગાડી નથી, પણ મેં જ ભૂલથી વગાડી છે, માટે મને સજા કરો.'

મહેતાજીએ આ સાંભળી તેને કહ્યું કે : "હું તને સજા કરતો નથી, કારણ કે તેં તારી મેળે જ ગુનો કબુલ કરી લીધો છે, અને બીજાને અન્યાય થી સજા થતી બચાવી છે. હું તારો આ સદ્‌ગુણ જોઈને ઘણો જ ખુશ થયો છું. બધા છોકરાઓ એ તારા જેવા સાચાબોલા થવું જોઈએ."

બીજાના વ્યક્તિત્વની ચોરી ન કરો; બીજાના અભિપ્રાયો તમારા અભિપ્રાય ન બનાવો; બીજાની મહત્ત્વાકાંક્ષાઓને દેખાદેખીથી તમારા હૃદયમાં સ્થાન ન આપો; નહિતર, તમારું પોતાનું જીવન એક મશ્કરી સમાન નીવડશે.

—આસ્કર વાઈલ્ડ

દુનિયામાં સૌથી મોટામાં મોટો મૂરખ અને અનુદાર કોણ ? 'હું' એકલો જ સાચો' એવું માનીને જે બેસી રહે તે !

—એડિશન

# માબાપને ભૂલશો નહિ

ભૂલો ભલે બીજું બધું માબાપને ભુલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એને વિસરશો નહિ.
અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનના કાળજાં, પથ્થર બની છુંદશો નહિ.

કાઢી મુખેથી કોળિયો, મોંમાં દઇ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે ઝેર ઉછાળશો નહિ.
ખુબ લડાવ્યાં લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પુરનારના, કોડ પુરવા ભુલશો નહી.

લાખો કમાતા હો ભલે, (પણ) માબાપ જેના ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભુલશો નહિ.
સંતાનથી સેવા ચહો, (તો) સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવુ ભરો એ ભાવના ભુલશો નહી

ભીને સુઇ પોતે અને સુકે સુવાડયા આપને,
એની અમીમય આંખને ભુલી ભીંજવશો નહિ.
પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર કંટક કદી બનશો નહી.

ધન ખરચતાં મળશે બધું (પણ) માબાપ મળશે નહિ,
એના પુનિત ચરણો તણી કદી ચાહના ભુલશો નહિ.

# Simba King of Snacks!

*Wish all our Hindu Staff,*
*Customers and Friends*
*Happy Diwali*




From King Simba....your favourite snacks
Simba Chips, Niknaks, Fat Chaps,
Kornetts and Fritos.

# હવે અમો ? શું કરીએ!

લેખક : શ્રી કાન્તીલાલ છગનલાલ નાયક
રૂડીપૂર્ટ

હે જગતના પિતા! આ સૃષ્ટિની રચના તારે હાથે થઈ. ભવ્ય આકાશ, પ્રકાશિત સૂર્ય, પવિત્ર ચંદ્ર અને ઝગમગતા તારા પણ તેં બનાવ્યા. વિશાળ અવકાશની અંદર ભવ્ય ગ્રહો પણ તેં મૂક્યા. વિવિધ પ્રકારના પશુઓ, પક્ષીઓ, વનસ્પતિઓ અને મનુષ્યો પણ તેં બનાવ્યા. આ સર્વેની ઉત્પત્તિમાં તારી શુધ્ધ ભાવના હતી. આ સાથે તારી એવી પણ મનોકામના હતી કે સર્વે જીવો હળીમળીને પ્રગતિ સાધે. આ કારણે મનુષ્યની ઉન્નતિ માટે તેં બુધ્ધિ આપી અને જ્ઞાન આપ્યું. તારા જ આપેલા જ્ઞાનનો સદુપયોગ કરી અમે અમૂલ્ય વૈજ્ઞાનિક, તેમજ આર્થિક પ્રગતિ સાધી. રોગ તેમજ દુકાળને મટાવવા માટે વિજ્ઞાનનો સાથ લીધો. જીવનધોરણને ઊંચું લાવવા માટે ભગીરથ પ્રયત્નો કર્યા. આર્થિક પ્રગતિ તો એકંદરે સારી રીતે સાધી, પરંતુ આધ્યાત્મિક પ્રગતિમાં જરા ઢીલ રહી ગઈ. આટલી સુંદર આર્થિક પ્રગતિ સાધવા છતાં હમોએ તારા નિસ્વાર્થ દૃષ્ટિથી ઉત્પન્ન કરેલા જીવોને અને તારી મનોકામનાને પૂરતો ન્યાય આપ્યો નથી. હમો સ્વાર્થી, અદેખા અને જૂઠા બની ગયા; ઊંચ અને નીચનાં ભેદો ઊભા કર્યા; મનુષ્યો વચ્ચે તકરાર ઊભી કરી; લોભ અને ક્રોધનો સાથ લીધો; લોકોનું બૂરૂં થાય એવી ઈચ્છા સેવી; ગરીબ અને તવંગર વચ્ચે ખીણ ઊભી કરી; પાપ તેમજ નિંદાનો સાથ લીધો; દંભીપણાનો સાથ લઈ બધાની મશ્કરી કીધી અને મારીતારી તેમજ બીજાની નિંદા કરવામાં મઝા માણી. હે પ્રભુ! અણસમજુ બનીને ન કરવા જેવું કર્યું, અને તારી ઉદાર અને અમૂલ્ય ભેટનો દૂરુપયોગ કર્યો. જીવનની સુંદર ભેટ તારી પ્રાર્થના માટે ન વાપરી અને વગર વિચાર્યે વેડફી નાખી. અંત સમય આવતા અમને કર્મનું સરવૈયું લેતા પશ્ચાતાપ થયો, પરંતુ આખરી ઘડી હોવાથી સમયની ઘડિયાળ પાછી ફરતી નથી. મનુષ્યરચિત તત્વજ્ઞાન પણ બચાવી શકે તેમ નથી. હે જીવનના દાતાર! હવે અમો શું કરીએ!



IT is not compassion that should impel us to work for others, but rather the idea of service to man, recognising him, to be the veritable manifestation of Siva.

—Sri Ramakrishna

WISHING OUR HINDU FRIENDS
A HAPPY DIWALI
AND A PROSPEROUS NEW YEAR

MIRACLE
SUPERMARKET

KLIPFONTEIN ROAD

ATHLONE 7764

TEL: 637-4356

# દીવ્ય આચમન

લેખક : રમણલાલ પ્રાણશંકર જોશી • ડરબન

- **મુર્તિપૂજા હિતદાયી ખરી ?**
  નિર્ગુણ - નિરાકાર બ્રહ્મની ઉપાસના માત્ર વિચારને જ તૃપ્તિ આપે. મૂર્તિપૂજા ... વિચાર, ભાવના અને શરીર ત્રણેય ને તૃપ્તિ આપે.
- **ભક્તિની શરૂઆત ક્યારે થઈ કહેવાય ?**
  ભક્તિ આચરણ માં આવે ત્યારે, વિષયો પ્રત્યે વૈરાગ્ય આવે ત્યારે.
- **ભગવદતત્વ સ્વયં ક્યાં ઉપસ્થિત થાય ?**
  નિષ્કામપણુ હોય ત્યાં. ભક્તિ હોય ત્યાં.
- **ભક્તિમાં વિઘ્ન કારક શું ?**
  આપણી અંદર નો સંસાર
- **માયાના તાપમાંથી બચવા શું કેળવવુ જરૂરી ?**
  અસંગપણુ - નિર્મોહીપણુ. રાગદ્વેષ વગરનું જીવન, સર્વ પ્રત્યે પ્રેમ - સમભાવ.
- **મનુષ્યનો પરમ મિત્ર કોણ ?**
  સ્વાધીન અને નિર્મળ મન.
- **લક્ષ્મી સાથે કેવો વ્યવહાર રાખવો ?**
  માતા સાથે રાખીએ તેવો - આદરપૂર્ણ, વિવેકપૂર્ણ.
- **મૃત્યુ ક્યારે ઉત્તમ થાય ?**
  જીવનની પ્રત્યેક ક્ષણ ઉત્તમ રીતે વીતાવી હોય તો.
- **યોગીને ઓળખવાની નિશાનીઓ કંઈ ?**
  અનન્ય ભક્તિ, સમત્વ, કર્મમા કૌશલ્ય.
- **તપનું પ્રથમ પગથિયું ક્યું ?**
  જીભ પરનું નિયંત્રણ - જીભ સુધરે તેનું જીવન સુધરે.
- **પાપના માતા - પિતા કોણ ?**
  મમતા પાપની મા, લોભ પાપનો પિતા.
- **મનુષ્યે પ્રસન્ન રહેવા શું કરવું ?**
  સમય - સંપત્તિ, અને શારીરિક - માનસિક શક્તિઓનો સદુપયોગ.
- **શાંતિ કોને મળે ?**
  જેનું જીવન નિષ્પાપ છે તેને, જેણે જ્ઞાન - ભક્તિને આચરણમાં ઉતારી છે તેને, સંયમી, સદાચારી અને સંસ્કાર સંપન્ન ને.
- **મોટુ પરાક્રમ ક્યું ?**
  વાસના ઉપર વિજય.
- **માળા શા માટે ફેરવવી ?**
  મનને ફેરવવા માટે, તેને માયામાંથી ખસેડી પરમાત્મામાં જોડવા માટે.
- **રોગનો દરવાજો કયો ?**
  ભોગ વિલાસ.
- **યોગનો દરવાજો કયો ?**
  સમતા, આનંદની નિશ્ચલ સ્થિતિ. ચિત્તની વૃત્તિઓનો નિરોધ.
- **સંસારરૂપી વસ્ત્ર ક્યાં તાણા - વાણાથી બનેલું છે ?**
  કર્મરૂપી તાણાથી, વાસના રૂપી વાણાથી.
- **સંચિત કર્મ એટલે શું ?**
  અનેક જન્મોના જૂના કર્મો - જે ભોગવવાના બાકી હોય.
- **પ્રારબ્ધ કર્મ એટલે શું ?**
  જે વર્તમાન જીવન ચલાવે છે, એનું ફળ ભોગવવું અનિવાર્ય છે.
- **સંતોના લક્ષણ ક્યાં ?**
  આંખમાં કરૂણા, જીભમાં સત્ય, હૃદયમાં પ્રાણીમાત્ર માટે પ્રેમ. સર્વ સમન્વયકારી વલણ.

**The Curtain King**

# HILITE

**JOB BUYERS & AUCTIONEERS**

WHOLESALE WAREHOUSE
TEL: 638-5146/638-5136
HADJI EBRAHIM CRESCENT
OFF JOHNSTON ROAD
ATHLONE 7764

*Wish all our Gujarati Friends and Customers a Happy Diwali and prosperous New Year*

**REMEMBER — WE ARE NOT A FACTORY SHOP BUT SUPPLIERS TO FACTORY SHOPS AND YOU THE PUBLIC**

- WE SPECIALISE IN HIGH QUALITY CURTAINING (ROOF HIGH) SUNFILTER TERYLENE, VELVET (EMBOSSED AND NUMEROUS OTHER TYPES)
- ALSO IN STOCK — DRALON AND VELVET FOR THE UPHOLSTERY TRADE AS WELL AS TO THE PUBLIC.

***PAY US A VISIT!!! IT WILL BE WORTH YOUR WHILE***

- **ચિત્તમાં શાંતિ જળવાઈ રહે માટે શું કરવું ?**
'હું' પણાનો અભાવ, બીજાંના સુખે સુખી થવુ, વહેતા જળની માફક નિર્મળ રહેવું.
- **આપણા દુઃખના કારણો ક્યાં ?**
અસંતોષ, અતૃપ્તિ, અભાવ, સુખદુઃખનીજ બીજી બાજુ છે. તે વિષેનું અજ્ઞાન, જીવવા માટે અને કામ-ભોગની તૃષ્ણા, પ્રિયનો વિયોગ અને અપ્રિયનો સમાગમ, વિવેક શક્તિની ગેરહાજરી, અનિત્યની આસક્તિ.
- **આત્મકલ્યાણ માટેનો રાજમાર્ગ ક્યો ?**
આંતર નિરીક્ષણ, ચિત્ત અને હૃદયની શુદ્ધિ, દ્વેષભાવનો ત્યાગ, કોઈને પણ દુઃખ ન થાય એનું સતતભાન

- **મનુષ્ય જીવનનો ધ્યેય શુ ?**
જન્મ મૃત્યુના ચક્રમાંથી મુક્તિ અને શાશ્વત માં સ્થિર થવું.
- **તૃષ્ણા શું કરે ?**
સદગુણનો નાશ, મોહનો વધારો, આપત્તિમાં વધારો અને જ્ઞાનનો લોપ કરે.
- **આપણને બંધન રૂપ શું છે ?**
'હું' પણુ અને 'મારા' પણું - પદાર્થ પ્રત્યેની તીવ્ર આસક્તિ.
- **મોક્ષ કોને કહેવાય ?**
મોહના સંદતર નાશને, વાસનાઓની ક્ષીણતાને.
- **સાધનાનું લક્ષ શુ ?**
ચિત્તની સમસ્થિતિ પ્રાપ્ત કરવી તે.

- **ચિત્ત કોણ ભમાવે છે ?**
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર
- **ચિત્તને નિર્મળ કરવાના ઉપાય ક્યાં ?**
ભાવ પૂર્વકની ભક્તિ, સદગુણોનું આચરણ, સદાચાર
- **માયાને ત્રિગુણી કેમ કહે ?**
સત્વ-રજસ અને તમોગુણના આધારે એનું બંધારણ છે એટલે
- **સત્વ ગુણ એટલે શું ?**
શુદ્ધિ, જ્ઞાન, પ્રકાશ, શાંતિ અને આનંદ નું પ્રધાનપણુ.
- **રજોગુણ એટલે શું ?**
જ્ઞાન-અજ્ઞાન, અને શુદ્ધિ-અશુદ્ધિ નું મિશ્રણ.
- **તમોગુણ એટલે શું ?**
જડતા, અજ્ઞાન, અંધકાર, અપ્રવૃત્તિ, પ્રમાદ, આળસ, મોહ.
- **પ્રાયશ્ચિત કોને કહેવાય ?**
કરેલા દુરાચાર કે દોષને ભૂંસી નાખવા માટેનું તપ.
- **પવિત્રતાનું મૂળ શું ?**
સદાચાર
- **શાંતિમય જીવન જીવવાનો ઉપાય ?**
શુદ્ધ અને સરળ હૃદય - સદાચારી વહેવાર
- **સુખ ક્યાં અનુભવવા મળે ?**
આપણી અંદર

- **આપણું હિત શેમાં છે ?**
સદાચારી જીવન - અન્યનું હિત કરવામાં.
- **ધર્મના મૂળમાં શું છે ?**
દેહ વિના ધર્મ શક્ય નથી, દયા, વિવેક-વિનય અને સરળતા ધર્મને ધારણ કરવામા સાહયક થાય છે.
- **ધર્મ કોને કહેવો ?**
અંતઃકરણને શુદ્ધ કરે તેને.
- **સંસારમાં દુઃખ વધારે કેમ છે ?**
મનુષ્ય ઈન્દ્રિય સુખની પાછળ દોડે છે એટલે.
- **અંતઃકરણના ચાર વિભાગ ક્યાં ?**
મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર
- **મન શું કરે ?**
વિકલ્પ કરે
- **બુદ્ધિ શું કરે ?**
પદાર્થ નિશ્ચય કરે છે.
- **ચિત્ત શું કરે ?**
સ્વાર્થ અથવા પરમાર્થનું ચિંતન કે અનુસંધાન કરે
- **અહંકાર શું કરે ?**
'હું છું' એવો ભાવ રાખે છે.

- **મનુષ્યનો પ્રથમ ધર્મ કયો ?**
  આચાર. પ્રથમો ધર્મ :- સદાચાર
- **સત્યનું દર્શન ક્યારે સુલભ બને ?**
  અહંતા અને મમતા છૂટે ત્યારે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ઉપર વિજય મેળવવાથી.

---

# જરા હસી લો!

મણીલાલ : "છગનલાલ, મેં સાંભળ્યું છે કે તમારો પુત્ર તો ઘણો આગળ વધી ગયો છે.

છગનલાલ : "હા, એ સાચું છે. પહેલાં તે મારાં ઊતરેલાં કપડાં પહેરતો હતો, હવે હું એનાં ઊતરેલાં કપડાં પહેરું છું."




Diwali Greetings

NATVERLAL & MANJULA N. PATEL
CHOTUBHAI & PADMA N. PATEL
AND FAMILIES

132 ST. GEORGES STREET
SIMONSTOWN

TEL.: 86-1388



A Joyous Diwali & Prosperous New Year



from

THE DIRECTORS AND STAFF OF

**STORK BEVERAGES**

*FOR THAT GLOW OF HEALTH*

AVAILABLE IN:
STORK PARTY SIZE
STORK BIG 10
STORK LITRE

COR. CARBON & VANGUARD DRIVE,
ATHLONE INDUSTRIA 2
TELEPHONE: 637-7161

# BAPU'S RELIGION

*Submitted by*

ASHVIN M. NARSHI

Truth and non-violence — these were the two fundamental principles of Bapu's Religion. To him truth was God and non-violence was the means to attain these goals. These two principles dominated and guided every aspect of his life.

Gandhiji (Bapu) wrote: "I believe in the fundamental truth of all the great religions of the world. I believe that they are all God given and I believe that they were necessary for the people to whom these religions were revealed. And I believe that if only all of us could read scriptures of the different faiths from the standpoint of the followers of those faiths we should find they were all one and all helpful to one another .... And when I asked you to purify your hearts of untouchability, I ask of you nothing less than this, that you should believe in the fundamental unity and equality of man."

Religions he said differed only in non-essentials of form and ritual which were enjoyed by the priests to meet the particular needs of peoples and times. They have no permanent value. Religions are so many leaves or branches of a tree, they seem so different but at the trunk they are one.

On the question of the change of faith, he wrote, "I regard all the great religions of the world as true, at any rate for the people professing them, as mine is true for me. Having reverently studied the scriptures of the world, I have no difficulty in perceiving the beauties in all of them. I could no more think of asking a Christian or a Muslim to change his faith than I could think of changing my own."

He was therefore, against any missionary propaganda. The idea of religious conversion was repugnant to him. He emphasised that, different religions were but springs running from the same source and nourishing different soils and different peoples. "Why should a Muslim go crazy over making other people Muslim, a Christian over making other people Christians?" he exclaimed. "After all, in spite of our proselytizing zeal where are we? What progress have we made?"

All religions have their natural defects too because they have come down to us through imperfect human agency. And it is the duty of the educated people of different faiths to endeavour to remove these defects. As for himself, he devoted his entire life to remove the curse of untouchability from Hindu religion. Bapu would not tolerate any distinction of high and low among the children of one and the same God.

The keynote of his religion was the belief in this unity of all religions and the fellowship of faiths. He said "I do believe in harmony between all religions. I have myself worked at it in my humble way. Belief in one God is the corner-stone of all religions. But I do not foresee a time when there would be only one religion on earth to practise. In theory, since there is one God, there can only be one religion. But in practice, no two persons I have known have had the same identical conception of God. I can clearly see the time coming when people belonging to different faiths will have the same regard for other faiths that they have for their own. I think we have to find unity in diversity .... We are all children of one and the same God and therefore absolutely equal."

Though a staunch Sanatani Hindu, he did not believe in the exclusive divinity of the Vedas. "My belief in the Hindu scriptures does not require me to accept every word and every verse as divinely inspired." His Hinduism was a grand evolutionary process as ancient as time and welcomed the teachings of Zoroaster, Moses, Christ, Mohammed and all other prophets.

What is God? The question arises in many troubled hearts. Bapu's answer was that Truth is God. We are all sparks of Truth. God lives in every human heart.

Bapu's political and social activities were only a part of his religion — search for Truth. Because realization of truth is impossible without a complete merging of oneself in an identification with this timeless ocean of life.

Religion was nothing superficial to him. It was the source of all his life's work. How many of us can really follow in his footsteps, guided by the same unfailing light, that illuminated every problem on which it dwelt, and considered no human problem beyond its scope!

*A Joyous Diwali and a Happy New Year to all*



# M.R. TRADING CO.

## (PTY.) LTD.

Wholesale Merchants, Direct Importers

Fancy Goods Novelties and Confectionery Merchants

•

Over Forty Types of Incense Sticks Stocked

•

Large selection of Bangles in stock

20 PINE ROAD, RYLANDS ESTATE 7764
P.O.BOX 294, GATESVILLE
PHONE: 637-3672
CABLE: "EMAAR"
TELEX: 5721611 S.A.

*Wishing all friends and relatives a Happy Diwali and Prosperous New Year*



**DAHIBHEN KANA HIRA**
**NANOOBHAI KANA HIRA & FAMILY**
**ROWJEE KANA HIRA**

*20 FARM ROAD*
*RYLANDS ESTATE 7764*

*TEL.: 637-1539*

# રુમઝુમ કરતી આવી દિવાળી

<u>રાગ</u>: તુમ્હી હો માતા તુમ્હી હો પિતા

<u>ફીલ્મ</u>: મૈં ચૂપ રહુંગી

શ્રીમતી પદમાબહેન છોટુભાઈ પટેલ • સાઈમન્સટાઉન

રુમઝુમ કરતી આવી દિવાળી,
ઝગમગ ઝગમગ દીવા જલાવો.
આંગણિયે બેરંગી સાથિયા પૂરાવો,
લાલ ને લીલા તોરણ બંધાવો,
આનંદ ઉલ્લાસ થી ઉજવો દિવાળી,
આનંદ ની આરતી કરો રે આજે
- રુમઝુમ કરતી આવી...

મન મંદિરમાં જ્યોતી પ્રગટાવો,
અંધકારમાં થી મુક્તિ રે મેળવો,
મધુર વાણી વિવેક સંગે,
જીવન ધન્ય બનાવશો તારૂ.
- રુમઝુમ કરતી આવી...

નાના બાળકોને મારા શુભાશિષ,
સગા સ્નેહીને મારા છે વંદન,
વડીલોને હું નમન કરૂં છું,
આશીર્વાદ આપો હજારો આજે.

રુમઝુમ કરતી આવી દિવાળી
ઝગમગ ઝગમગ દીવા જલાવો.

# શાને મુજને નાનો જાણે?

કરસનદાસ કે પ્રજાપતિ

શાને મુજને બાળક જાણી,
બા, નહીં દેતી મુજને કામ?
શાને મુજને નાનો માને,
કહે તે મારે કરવું કામ.

કહે તો પાણીઘડો ભરી લાવું,
કહે તો વાળું આખું ગામ!
ગાવડી, કહે તો દોહી નાંખું,
બંદાની પૂરી છે હામ!

માડી, કહે તો ખેતર જઈને,
બાપુને દઈ આવું ભાત!
ચારનો ભારો માથે મૂકી,
ઊંચકીને લાવું રળિયાત.

બા, કહે તો બાબાને રાખું,
એ તો સહેલું ને સટ કામ!
ગીતોના લલકારા છોડી,
એને ઉંઘાડી દઉં આમ.

કહે ને બા, મારે શું શું કરવું?
ઝટપટ ચીંધી દે ને કામ.
તું તારે પછી ખાટ મહીં લે,
શાંતિથી સૂઈને આરામ!



# WELCOME supermarket

THE DIRECTORS & STAFF
WISH ALL OUR HINDU CUSTOMERS
A HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR.

**Remember – No need to guess**
**Where you pay less – It's WELCOME!**
**Competitive Prices and Quality Goods.**

**Branches at:**

**ATHLONE• RYLANDS ESTATE • SURREY ESTATE**
**STEENBERG**

# સનસનાટી ભર્યાં સમાચાર

લેખક : ગુલાબભાઈ હરિભાઈ પટેલ (યુટન્હેગ)

"ચાલો હું તૈયાર થઈ ગઈ છું." કહેતા વિભા રૂમની બહાર નીકળી, વરેન્ડા પર આવી ઊભી રહી. સપ્રમાણ, પાતળા દેહ પર વાદળી રંગની સાડી શોભી રહી હતી. તેજસ્વી આંખો અને સ્મિતભર્યા આનંદી મુખને, સભાન બેકાળજી થી કપાળ પર લટકતી વાળની લટો આકર્ષક બનાવતી હતી. કાને પહેરેલી ગોરા ગાલ પર ચમક ફેંકતી સુવર્ણ એરીંગની જોડ અને ગળે પહેરેલ મોતીમાળા સાથે રમત કરતા નાજુક હાથો પર ભળી જતી બંગડીઓ એના સૌંદર્યને ઑર ખીલવી રહી હતી.

"આપણે ઓફીસને રસ્તેથી નીકળી જઈએ. 'દૈનિક' ની આવૃત્તિ છપાઈ ગઈ હશે," કહી કમલેશે બારણું બંધ કર્યું. સંભવિત છે કે તારા કાકા ઓફીસની બારીએથી પોતાનાં છાપાંની નકલો લોકો કેમ ખરીદે છે, તેનું અવલોકન કરી સંતોષ અનુભવતા હશે."

"વાતવાતમાં મારા કાકાની મશ્કરી કરવાથી તમને આનંદ મળતો હોય એમ લાગે છે!" વિભાએ ગુસ્સે થવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો!

"કોઈની મશ્કરી કરવાથી તો આનંદ નથી મળતો, પરંતુ ગુસ્સે થવાના તારા પ્રયાસો જોવાના બહુ ગમે છે! સ્વજનોની સત્ય હકીકત પણ માણસને કેટલીક વાર મશ્કરી લાગે છે!"

"મારે કાંઈ સાંભળવું નથી." આડકતરી રીતે વિભાએ કમલેશને મૌન સેવવાનું કહ્યુ.

પત્નીનું સૂચન પતિએ સ્વીકારી લીધું! વગર બોલ્યે બંને આગળ વધવા લાગ્યા. સ્વેચ્છાથી કમલેશ જરા પાછળ પડયો. વિભાની ગૌરવયુક્ત ચાલનું અવલોકન, એ પણ એક મઝા હતી. રસ્તાનું નિરીક્ષણ કરતાં આગળ વધવામાં વિભાને રસ નહોતો. તોયે એને ખાતરી હતી કે મૌન તો કમલેશ જ તોડશે.

"જ્યારે માણસ ઊંડા વિચારમાં કે કોઈ સંસ્મરણની મધુર યાદમાં ખોવાઈ ગયું હોય ત્યારે એની ચાલ અને ચહેરો એ છુપાવી શકતાં નથી!" દશેક મીનીટ પછી કમલેશને કહેવું પડયું. વક્ર દ્રષ્ટિથી વિભાએ કમલેશ પ્રતિ જોયું. શબ્દો કરતાં મૌન વધુ અસરકારક લાગતાં પૂર્વવત વલણ ચાલુ રાખ્યું.

"વિરોધ માટે શબ્દોની જરૂર છે, સ્વીકાર માટે મૌનની! વિભા તું પણ કેટલીક વાર સત્યનો સ્વીકાર મૌનથી કરી લે છે ખરી!"

"શબ્દોથી કે મૌનથી મેં કાંઈ સ્વીકાર્યું નથી." વિભાને બોલવું પડયું. બંને 'દૈનિક' ની ઓફીસ નજીક આવી પહોંચ્યા.

"ભલે. પણ સામે જો. મે નહોતું કહ્યું કે તારા કાકા 'દૈનિક'ના થતા વેચાણથી સંતોષ અનુભવતા હશે? જો તારા કાકાના ચહેરા પર કેટલો આનંદ દેખાય છે!" કમલેશે કહ્યું. વિભા વિરોધ કરી શકે તેમ ન હતું. બુકસ્ટોલ નજીક 'દૈનિક'ની નકલો ખરીદતાં લોકોના ટોળાંને એ નિહાળી રહી.

"ચાલો આપણે ઉપર જઈએ. કાકા આપણને જોતા ન હોય તેમ ઊભા છે."

"અત્યારે છાપાની નકલો સિવાય બીજું કાંઈ જોવાને તેઓ અશક્ત છે!" કહી કમલેશે પગથિયાં ચડવા માંડયાં.

વિભાના કાકા અને 'દૈનિક'ના તંત્રી શ્રી રમણીકલાલ ઉત્સાહપૂર્વક ટોળાને નિહાળી રહ્યાં હતા. ચોપાસ ફરતી એમની ચકોર આંખો 'દૈનિક'ના ગાડી અકસ્માતના અહેવાલથી વાંચક પર થી અસર થાય તેની નોંધ લઈ રહી. ફૂટપાથ પર, દુકાનમાં કે બસમાં અખબાર પર નજર નાંખતાની સાથે વાંચકોનું ધ્યાન કમલેશે લખેલા અકસ્માતના અહેવાલ અને બોલતી તસ્વીરો પ્રતિ દોરાતું. સફેદ કાગળોમાં

*Diwali Greetings*



**MR. & MRS. KHANDOO R. DAYARAM**
**& FAMILY**

100 REPULSE ROAD, RYLANDS ESTATE

**દિવાળી અને નૂતન વર્ષના**
**અભિનંદન**



સુભાષભાઈ નારણ રામા અને સહકુટુંબ

7 GANGES CLOSE, GATESVILLE 7764

TELEPHONE: 633-6826

**a Happy Deepavali and a Prosperous New Year**



JAYANTI GOVAN PATEL & FAMILY

HANSA LALLOO & FAMILY

29 Mavis Road, Rylands Estate 7764

થી જાણે કંપારી વાંચકના હૃદય પર પહોંચી જતી ! સચિત્ર અહેવાલ માં કમલેશે એક કરૂણ અને કારમી દુર્ઘટનાનું વર્ણન કર્યું હતું. ગાડી અકસ્માત ને પરિણામે પાંચ બાળકો અને તેર સ્ત્રીપુરૂષો મૃત્યુ પામ્યા હતાં. સિત્તેર માણસોને હોસપીટલ માં ખસેડવામાં આવ્યાં હતાં.

પોતાના અખબાર ના અહેવાલે વાંચકો પર ધારેલી અસર કરી જાણી રમણીકલાલે સંતોષ અને આનંદ અનુભવ્યાં.

"શાબાશ કમલેશ ! શાબાશ !" કમલેશને જોતાં જ રમણીકલાલ બોલ્યાં. "પત્રકાર તરીકે ની તારી કારકિર્દીનું આ જ્વલંત મોતી છે. આવા અહેવાલની હું લાંબા સમયથી રાહ જોતો હતો. વર્ષો સુધી આ અહેવાલ વાંચકોને યાદ રહેશે. આવા જ સમાચાર થી છાપું લોકપ્રિય બને છે."

"કોઈ પણ પત્રકારને આ અહેવાલ લખવાની તક મળી ન હોત તો કેવું સારૂં ! જે દુર્ઘટના એ "દૈનિક" ને સનસનાટી ભર્યો અહેવાલ પૂરો પાડેલો છે તેની પાછળ રહેલી વ્યથા, વેદના, દુઃખ અને દર્દ કેવાં કાળમાં અને કાતિલ હતાં, તેનું તાદૃશ વર્ણન તો કોઈ કવિ પણ કરી ન શકે," કરૂણાભાવે કમલેશે કહ્યું.

"કમલેશ ! હજુ પણ તારી ભાવના, સફર પત્રકાર તરીકેના તારા બુદ્ધિપ્રયોજીત માર્ગમાં કંટક થઈ પડી છે. આવી માંદલી મનોવૃત્તિને પત્રકારત્વમાં સ્થાન નથી." વડીલભાવે તંત્રી એ પત્રકારને કહ્યું.

"કદાચ એ ધંધાર્થી સિદ્ધાંત હશે ! પોતાના બાળકોને ગાંડી થઈ કૂટતી સ્ત્રીઓનાં, કંપાવતા ગગનભેદી રૂદન થી, ફેલાયેલી કરૂણતાનું પ્રત્યક્ષ દર્શન કર્યા પછી, હું તો ઈચ્છુ છું કે ભવિષ્યમાં ફૂલ જેવાં કોમલ નિર્દોષ બાળકોને ભક્ષી લેતાં અકસ્માતો થી પ્રભુ દુનિયાને બચાવે !"

"હા, કમલેશ. પણ સમય ના વહેણ સાથે એવી ઘટનાઓ થી આપણે ટેવાઈ જઈએ છીએ. જો સામે." લોકો પ્રત્યે ધ્યાન દોરતાં રમણીકલાલે કહ્યું. "એ જનતા છે કે જેને તું સમાચાર પૂરા પાડે છે. પત્રકાર તરીકે એ તારી ફરજ છે. પેલો બસકંડક્ટર તારો અહેવાલ વાંચી માથું હલાવે છે ! પેલી હસતી સ્ત્રી છાપું ખરીદતાંની સાથે જ ગમગીન થઈ જાય છે ! કમલેશ, વિચાર કે જે અહેવાલ લોકોના હૃદયોને હલાવી રહ્યો છે તે તેં લખ્યો છે !"

"હા કાકા. ઠીક, તો હવે અમારે રજા લેવી પડશે." કમલેશ બોલ્યો.

"એક વસ્તુ તો તમને કહેવાની ભૂલી જ ગઈ હતી." ટેલી-પ્રીન્ટર નજીક ઉભી રહી સમાચાર વાંચતી વિભા બોલી. "કાલે તો કાકાની વર્ષગાંઠ છે. એટલે આપણું જમવાનું એમને ત્યાં જ છે."

"હા કમલેશ મારી વર્ષગાંઠને દિને પ્રગટ થતી આવૃત્તિ અનોખી હોવી જોઈએ. તારે કાલની આવૃત્તિ માટે ખૂબ મહેનત કરવી પડશે. સવારે કોર્ટ માં જજે. ત્યાં જલદી પતાવી ઓફીસે આવી રહેજે. આજના કરતા પણ વધુ સારો અહેવાલ કદાચ તારે તૈયાર કરવો પડે." હસતા હસતા તંત્રીએ કહ્યું.

"ઠીક ત્યારે જઈએ."

"નમસ્તે ! કાકા કાલે મળીશું"

કમલેશ-વિભાએ ચાલવા માંડ્યું. જતા પતિપત્ની તરફ મુગ્ધભાવે રમણીકલાલ જોઈ રહ્યાં. વિભા એમના સ્વર્ગસ્થ મોટાભાઈની પૂત્રી હતી. બાર વર્ષની વયે માતપિતા વિહોણી બનેલી વિભાને કાકા કાકીએ પોતાની પુત્રી જેમ લાડકોડમાં ઉછેરી ભણાવી હતી. કમલેશ સાથે એણે પ્રેમલગ્ન કર્યાં હતાં. કોલેજ છોડતાં જ કમલેશ ને પત્રકાર તરીકે રમણીકલાલે "દૈનિક" માં રોકી લીધો હતો. ભાવનાવાદી અને ધૂની હોવા છતાં પત્રકાર તરીકે એ સુંદર કાર્ય કરતો.

કમલેશ જ્યારે કોર્ટની બહાર નીકળ્યો ત્યારે એક વાગી ગયો હતો. બજાર માં ઠીક ઠીક ગીરદી હતી. સર્વકોઈને ઘરભેગા થવાની ઉતાવળ હતી. કોર્ટ માં મળેલ માહિતીનો વિચાર કરતો કમલેશ આગળ વધતો હતો. ગુપ્ત રહેવાને સરજાયેલ બનાવનો



*Best Wishes for a Happy Diwali and the New year*

**BABU N. KOOVERJEE & FAMILY**
**RASHMI B. KOOVERJEE & FAMILY**

**Babu's** FOOTWEAR STORE
MASTERCRAFT SHOE REPAIR SERVICE
ORTHOPAEDIC REPAIRS

33 PARK ROAD, WYNBERG 7800, C.P. TEL: 77-2321





*Happy Diwali and a Prosperous New Year to all friends and relatives*

**MR. & MRS. RATILAL LALLA & FAMILY**
**MR. & MRS. VIJAY LALLA & FAMILY**

7 - 8 EVEREST ROAD, GATESVILLE
TELEPHONE: 633-3114





*With Compliments from*

BPI

**BRACK-AD PACKAGING INDUSTRIES (PTY) LTD.**

*SUPPLIERS AND PRINTERS OF FLEXIBLE PACKAGING MATERIALS*

•

*MANUFACTURERS OF FRESHWRAP WAX PAPER*

P.O. BOX 396, GATESVILLE 7764
PHONE: 637-8167

પ્રકાશમાં લાવતાં કે ખાનગીપણાને જાહેરમાં લાવતાં અખબારો કમલેશને ઘડીભર સ્વાર્થી રાક્ષસ જેવા લાગ્યા. માહિતી મેળવવાની ફરજ પાડતું અખબાર એને માહિતિનો ઉંડાણથી અભ્યાસ કરવા દેતું નહીં. જાણે એણે જીવનને પ્રેક્ષક બની નિહાળવાનું હતું. એના ઊંડાણમાં ઉતરવાનું નહોતું! અકસ્માત, ખૂન,લૂંટફાટ, દગાખોરી, ચોરી વગેરે થી ટેવાઈ ગયેલા જગતમાં પ્રતિક્ષણે નવા બનાવો બને છે. એ બનાવો જાણે શબ્દદેહ પામી અખબારને પાને ચમકવા વાટ જોઈને ઊભા હોય છે!

આજની આવૃત્તિ અનોખી બનાવવાને માટે રમણીકલાલને આવશ્યક અહેવાલો મળી ગયા હતા. તો યે એમને સંતોષ થયો નહોતો. હજુ પણ પહેલાં પાના પર એકાદ અહેવાલ માટે એમણે જગ્યા રહેવા દીધી હતી. કમલેશનો કોર્ટ અહેવાલ તો આવવાનો જ હતો. ઉપરાંત છેલ્લી ઘડીએ કાંઈક બને તો ?

કમલેશે ઓફીસમાં આવી કોર્ટ અહેવાલ તંત્રીને આપ્યો. એજ સમયે ફોન વાગ્યો. તંત્રીએ રીસીવર હાથમાં લીધું. "શું ? અકસ્માત ? ખરેખર! ક્યાં ? એક્સલેન્ટ. થેન્ક યુ." કમલેશને તેમણે કહ્યું. "કમલેશ જલદી કર, મેઈન સ્ટ્રીટ માં અકસ્માત થયો છે." આનંદમાં આવી ગયેલા તંત્રીએ આગળ ચલાવ્યું : "KAMLESH! BE QUICK. I WANT AN EXCELLENT REPORT. TIME IS SHORT. PLEASE BE QUICK." કમલેશે ચાલવા માંડયું. "થયું. જે જોઈતું હતું તે મળી ગયું." તંત્રી બોલ્યા. અકસ્માતનું કાલ્પનિક ચિત્ર એમણે ચિતરવા માંડયું. હેડલાઈન્સ માટે શબ્દો શોધવા માંડયા! કોઈ પ્રખ્યાત માણસને અકસ્માતમાં ઈજા થઈ હોય તો ? ફરી એક વાર પોતાનું અખબાર જ આવા સમાચાર આપવામાં પ્રથમ હશે! કેટલું ભાગ્યશાળી છે "દૈનિક." સમય વીતવા લાગ્યો. જોત જોતામાં દશ વીસ ચાળીસ મીનીટ વીતી ગઈ. તંત્રીની ચિંતા વધી રહી. રખેને કમલેશ દગો દે તો ? માંદલી મનોવૃત્તિને લઈને કરૂણાજનક પરિસ્થિતિ વિષે લખતાં એની કલમ જ ન ઉપડે તો ? તંત્રીને ઘડીભર કંપારી આવી! અને ખરેખર કમલેશને નિરાશ વદને એમણે ઓફીસમાં આવતા દીઠો. એના નિસ્તેજ મુખ પર શોક અને ગ્લાની દેખાતાં હતાં. આ જોતાં તંત્રીની આંખો લાલ થઈ ગઈ!

"ક્યાં છે અહેવાલ ?" જરા ક્રોધથી તંત્રીએ પૂછયું.

"આ અહેવાલ હું લખી ન શકું!"

"શું ?"

"અકસ્માતનો ભોગ કોણ બન્યા છે તે જાણો છો ?"

"જે હોય તે. મારે એમની સાથે સંબંધ નથી. મારે તો માત્ર અહેવાલ જ જોઈએ છે. આજની આવૃત્તિમાં પહેલા પાના ને શોભે એવો અહેવાલ."

"એમ ન કહો." તંત્રીની વંચિતતા પર કમલેશને દયા ઉપજી. "આજના અકસ્માતે સ્મિતાનો ભોગ લીધો છે અને કાકી હોસ્પીટલમાં છે!"

"શું, મારી સ્મિતા ? હું શું સાંભળું છું ? કમલેશ! આ શું થયું ?" તદ્દન અશક્ત થઈ ગયા હોય તેમ રમણીકલાલ ખુરશી માં ફસડાઈ પડયા! એમના મુખને શોક અને ગ્લાની ઘેરી વળ્યાં. આખો સંસાર ઘેરા કાળ રંગથી જાણે ઢંકાઈ ગયો.

સનસનાટીભર્યા સમાચાર પૂરા પાડતી દુઃખદ અકસ્માત જેવી કરૂણા-જન્ય દુર્ઘટનામાં, તંત્રીઓ માટે રહેલ આકર્ષક અને આવકાર્ય તત્વ, સ્વજનો જ્યારે એવી ઘટનાના ભોગ બને, ત્યારે નષ્ટ થઈ જાય છે.

અશ્રુભીની આંખે ઊભા થતાં તંત્રીને કમલેશે મદદ કરી. હાથ ધરી બહાર ઉભેલી ટેક્ષી નજીક લઈ ગયો. "કાકા, વિભા પણ કાકી સાથે હોસ્પિટલમાં બેઠી છે. તમે જાવ હું જરા વારેથી આવીશ." કાકાને ટેક્ષીમાં બેસાડતા કમલેશે કહ્યું.

"કમલેશ જલદી આવજે" કરૂણાર્દ્ર સ્વરે કાકા બોલ્યા. એમના અવાજમાં હુકમ અને આજ્ઞાને સ્થાને આજીજી અને વિનંતી હતી. પુત્રી મૃત્યુની અસીમ વેદના એમની મુખમુદ્રા પર અંકિત થઈ ચૂકી હતી. ગમગીનીથી ઘેરાયેલું એમનું હ્રદય ઘણાં લાંબા સમયે પ્રાણસમા "દૈનિક"ને જાણે ભૂલી ગયુ! તંત્રીને લઈને જતી ટેક્ષી જતાં, પોતાની ફરજ બજાવવા પત્રકાર ધીમે પગલે ઓફીસમાં આવ્યો. નિયુક્ત સમયે "દૈનિક" પ્રગટ કરવાને એણે તો અહેવાલ લખવાનો જ હતો ને ?

# Diwali Greetings

*from*

**BALOO MAKAN PATEL & FAMILY AND BHARAT R. PATEL**
of

# GOLDEN PEACOCK TAKE-AWAYS



## COIN OPERATED TV GAMES



CONTACT:
**BALOO MAKAN PATEL & MR. JACKIE DE LONG**
TEL.: 72-8502/72-2979 (Daily)

## ORIGINAL INDIAN VIDEO CASSETTES

**CONTACT:**

★ B.M. PATEL (Tel.: 72-8502) ★

DISTRIBUTOR OF ESQUIRE, KAVICO, HIBA AND ALL OTHER FILMS

# નારી જીવનમાં વ્યાયામની જરૂરિયાત

લેખિકા: મંજુલાબહેન નટવરભાઈ પટેલ • સાઈમન્સટાઉન

## વ્યાયામની જરૂર શા માટે ?

માણસને પોતાના શરીરના સ્વાસ્થ્ય માટે વ્યાયામ કરવાની ખાસ જરૂર છે. કસરત કરવાથી શરીર માં સ્ફૂર્તિ આવે છે. કામ કરવાની શક્તિ વધે છે. અવયવો સારા અને સુડોળ બને છે. પાચનશક્તિ અને ભૂખમાં વધારો થાય છે

## વ્યાયામ એક અમોઘ ઔષધિ

વ્યાયામથી આપણા ફેફસાં મજબૂત બને છે. વધારે શ્વાસોચ્છવાસ કરવાથી ફેફસામાં વધારે ચોખ્ખી હવા પ્રવેશે છે અને શરીરમાંથી ખરાબ પદાર્થોનો ત્યાગ થાય છે. લોહી સાફ થાય છે. રક્તાભિસરણની ગતિ વધે છે. શરીર હલકું હલકું લાગે છે અને સુડોળ બને છે. સ્થૂળ (જાડા) શરીર માટે વ્યાયામ એ અમોઘ ઔષધિ કહેવાય.

## સ્ત્રીઓ માટે વ્યાયામની જરૂર ખરી ?

વ્યાયામની જરૂર બધાને માટે જ હોય છે. પ્રાચીન કાળમાં બહેનોને બધાં ઘરકાર્યો કરવાથી પૂરતી કસરત મળી રહેતી હતી. જેવી કે કપડાં ધોવામાં, કૂવામાંથી પાણી ભરવામાં, અનાજ દળવામાં, બીજા ઘરકામો કરવામાં પૂરતી કસરત મળતી હતી....જ્યારે આજે આ બધાં કામો કરવા માટે આપણી પાસે મશીનો છે એટલે આ બધાં કામો આપણે ફક્ત બટન દબાવી કરી શકીએ છીએ. એટલે આજની બહેનો માટે કસરતની ખાસ જરૂર છે. યોગાસનો કરવાથી પણ આપણા શરીરને કસરત મળે છે અને આપણા મનને શાન્તિ પ્રાપ્ત થાય છે. એની પણ આપણને એટલી જ જરૂર છે. અત્યારનું આપણું જીવન બહુ જ ટેન્શન (TENSION)થી ભરેલું છે. ઘણા રોગોનું મૂળ ટેન્શન છે. યોગાસનો કરવાથી આપણે એનો નાશ કરી શકીએ છીએ, અને આપણું મન અને શરીર હલકા ફૂલ જેવાં બનાવી શકીએ છીએ. યોગાસનો કરવાથી આપણે ઘણા રોગોને દૂર રાખી નવા આવતા રોગોનો સામનો કરી શકીએ છીએ. આપણા લોકોમાં પણ વધારે ન વધારે જાણીતો થતો હૃદય હુમલાના રોગમાં પણ કસરત ઘણો અગત્યનો ભાગ ભજવે છે. પશ્ચિમની બહેનો માં જાગૃતિ ને જોશ છે અને બુદ્ધિબળથી કાર્ય કરવાની જે તત્પરતા હોય છે, તેનું કારણ પણ તેમની વ્યાયામપ્રિયતા અને કસરતી શરીર છે. મર્દાનગીભરી રમતો રમીને જ આપણી શૂરી રજપૂતાણીઓએ ઈતિહાસ માં નામના મેળવી હતી. મર્દાનગી ભર્યા કામો કરીને જ ઝાંસીની શૂરી રાણી લક્ષ્મીબાઈ એ વીરાંગનાનું બિરુદ મેળવ્યું હતું. વ્યાયામ જ સ્ત્રીને સમોવડી બનાવવામાં સક્રિય સાથ આપી શકશે.

## સ્થુળ શરીર - સૌંદર્યનો શત્રુ

વધારે ચરબીવાળું શરીર બેડોળ લાગે છે. એટલું જ નહિ પણ શરીર માં આળસ અને કામ ન કરવાની ઈચ્છા કરાવે છે. આગળનાં વખતમાં સ્ત્રીઓ માટે ઘરકાર્યો એવા હતા, કે તે બધા કાર્યો કરવાથી તેમના શરીરને પૂરતી કસરત મળી રહેતી. શરીર સુડોળ રહેતું અને અવયવો ઘાટીલા બનતા. આજે આ બધા ઘરકાર્યો આપણે સહેલાઈથી કરી શકીએ છીએ, એટલે આપણા શરીરને બિલકુલ કસરત મળતી નથી. શરીરને એ જરૂરિયાત પૂરી પાડવા માટે આપણે કસરતો કરવી જ જોઈએ જેથી આપણું શરીર સારું તંદુરસ્ત રહી શકે. શરીરમાં વધારે પડતી ચરબી ઘણું નુકશાન કરે છે. અઠવાડિયા માં એક - બે ઉપવાસો પણ આપણા શરીર માટે લાભદાયી છે. આપણી પાચનશક્તિ ને જરા આરામ મળે અને આપણા શરીર માં થી વધારે પડતી ચરબીનો નાશ કરી શકાય.

*Best wishes for Diwali*
*and the New Year*

# DALCO

YOUR WORLD OF
LOW PRICES

**DISCOUNT SUPERMARKET**

RETREAT ROAD, RETREAT 7945 TELEPHONE: 72-7580



# HINDU PHILOSOPHY

## MIMANSA AND UPANISHADS

By

AMLABAI KETKAR

There are various systems of Hindu philosophy. Sir William Jones, in his 'Primer of Hinduism' opens his first chapter with at least two pages detailing "Hinduism is, this, that, this," etc. etc. and ends the second page by saying, — "and if we are not careful, they will swallow Christianity as well" .... India has two great principles in the foundation of her Philosophy. The first, — which is also the aphorism upon which both her philosophy as well as political principles are founded, (I speak now of the Ancient — Independent India) was "THE RIGHT OF THE INDIVIDUAL TO FIND HIS OWN SWAHA DHARMA" which obliterated the right of any individual or organisation to either promote Missionary activities, or individual attempts to persuade anyone to alter their personal views (political or philosophical) just because someone or organisation attempted to do so — rather the emphasis was placed upon first and foremost SETTING A LIVING EXAMPLE of whatever conviction may be held, upon which IF anyone was attracted by that example could approach the individual or organisation, and express the wish on his own account to study, and if found to be suitable to his needs, would of his own free will and accord join the organisation or individual.

One of the various systems taught by the ancient, as well as present-day Hindus comes under the heading of **MIMANSA.**

MIMANSA, is the collective name for two of the six divisions of the Hindu Philosophy. They are the 'PURVA' and the 'UTTARA' MIMANSA. The terms Uttara and Purva, meaning latter and former, do not however, apply to the relative ages of the Mimansa, but to the sacred books which are indicated by them. 'PURVA MIMANSA' treats of the Hindu ritual and **Karmakand** as promulgated in the BRAHMANAS, whilst the 'Uttara-Mimansa' treats of the nature of God and of the Soul as taught in the Upanishads. The two Mimansas are so-called because the Upanishads were composed later than the BRAHMANAS.

**THE PURVA MIMANSA** gives in full detail the KARMA we have to perform. The Yagnas, Agnihotras, gifts, etc, are all treated elaborately and minutely. The author, JAIMINI, after discussing the nature of DHARMA and ADHARMA, says that DHARMA, consists in following the teachings of the VEDAS. Dharma is essentially necessary to gain 'Happiness' (or 'peace of mind').

**THE UTTARA MIMANSA** is the work of the great, well-known **VYASA,** and is one of the most important of the six Darsanas. The school of philosophy of which the Uttara Mimansa is the best exposition is called VEDANTA. The word Vedanta, means "The end, or the ultimate aim of the Vedas," and the Vedanta system discusses the nature of the Brahma and the Soul. The Uttara Mimansa is one of the grandest achievements of Hindu genius. The Brahmasutra of Vyasa opens with a refutation of Atheism, and a vindication of Theism. It then lays down that the only way to salvation of 'Mukti' is 'ATMAGYANA', — or a 'True knowledge of the Soul'.

**Professor MAX MULLER** says, "Much that was most dear, that had seemed for a time their very self, had to be surrendered before they could find the 'self-of-selves', — the 'old man' the looker-on, a subject independent of all personality and existence independent of all life. When that point had been reached, then the highest knowledge began to draw, the self within (the Pratyagatma) was drawn towards the highest self (the Paramagatma), it found its true self in the highest self, and the oneness of the subjective with the objective was recognised as underlying all reality, as the dim dream of religion — as the pure light of philosophy." "This fundamental idea is worked out with systematic completeness in the Vedanta Philosophy, and no one



*Best Wishes for*
*a Happy Diwali*
*and the*
*New year*



## KAGANSONS

**WHOLESALE FOOTWEAR MERCHANTS**

253 — 263 ALBERT ROAD, WOODSTOCK 7925




**MAGAN ICHARAM PATEL & FAMILY**
**JAYANTI MAGAN & FAMILY**
6 BROAD ROAD, WYNBERG
TELEPHONE: 77-1465

*Wishing all Our Hindu Clients*
*Happy Diwali and*
*a Prosperous New Year*



## ATLAS TRADING CO.
## (PTY) LTD.

*Wholesale Merchants and Direct Importers*
*Cigarette and Tabacco Distributors*

*Stockists of:*

**ALL INDIAN SPICES AND GROCERIES**
**FRESH VEGETABLES**
**PAAN, INSENCE STICKS, ETC. ETC.**

**Holy Quaraans and All Muslim Religious Books**
**with English Translation and Arabic Text**

94 WALE STREET
CAPE TOWN 8001

PHONE:
23-4361

who can appreciate the lessons contained in Berkeley's Philosophy will read the Upanishads and the Brahma Sutras without feeling a richer and wiser man." (Ref: India what it can teach us page 253.)

**Swami Dayanand Saraswati,** however, holds the view originally held of Vedanta, and says that the Brahma Sutras or the real Vedanta sutras do not teach the unity of God and soul. Popular belief, however, is swayed by the views of Shankar Swami, and the system is held to be an all-absorbing Pantheism. Anyway, it is the most sublime system of philosophy ever propounded by man.

## THE UPANISHADS

As is well known, the Upanishads are the fountainhead of all Hindu Philosophy, and are said to be 52 in number. The Upanishads are again disquisitions on Philosophical subjects, and breathe an air of sublimity and spirituality which is nowhere else to be found. The profound Philosophy they teach, the deep wisdom they contain, the infallible truths they establish, and the true principles they set forth are the standing marvels of Indian intellect and monuments of human genius.

In his "Philosophy of the Upanishads", translated by the Rev. A.S. Geden (M.A.), Prof. Deussen claims for its fundamental thought "an inestimable value for the whole race of mankind". The great German Philosopher Schopenhaur, says: .... "Oh! how thoroughly is the mind here washed clean of all engrafted Jewish superstitions and of all philosophy that cringes before these superstitions. In the whole world there is no study, except that of the originals, so beneficial and so elevating as that of the Upanishads. **It has been the solace of my life, it will be the solace of my death."**

And to close, MR ELPHINSTONE, in comparing the Greeks with the ancient Hindus, says: .... "Their (Hindu) general learning was more considerable; and in the knowledge of the being and nature of GOD, they were already in possession of a light that was but faintly perceived even by the loftiest intellects in the best days of Athens." (Ref: Elphinstones History of India page 49.)


**Diwali Greetings**



**FELIX'S**

**BODY WORKS**

**Athlone's Leading Panelbeaters**

* FREE QUOTATIONS
* FREE BREAKDOWN SERVICE
* FREE PARKING

**SERVICE 24 HOURS A DAY**

VANGUARD DRIVE, ATHLONE INDUSTRIA
TELEPHONE: 637-1223



# Diwali Greetings

from

# PALM TREE



# STUDIO

## PHOTOGRAPHIC SERVICE

*Weddings and Parties Our Speciality*

1-6 GATESVILLE SHOPPING CENTRE
KLIPFONTEIN ROAD · GATESVILLE 7764
TELEPHONE: 67 0930 (Studio) · 67 7202 (Residence)



**JAIRAM JEEVA LALLA & FAMILY**

**of**

# WILLIES SUPERMARKET

Wish all Friends & Relatives
a Happy Diwali
& Prosperous New Year

**Business:**
94 MAIN ROAD
MOWBRAY 7700
TEL.: 65-5342

**Residence:**
34 FARM ROAD
RYLANDS ESTATE 7764
TEL.: 637-0502

# વાંચતા રૈ'જો ..........

લેખક
ગુલાબભાઈ હરિભાઈ પટેલ
(યુટન્હેગ)

## આવું પણ સંભળાય છે

- કરવા છે સ્નેહલગ્ન ને સ્નેહનો છાંટો યે નથી !
- નામ છે રામપ્રસાદ ને કામ છે રાવણ જેવાં !
- પત્ની પાસે દાંતિયા કરે ને ટાઈપિસ્ટને 'ડાર્લિંગ' કહે !
- કપાળ છે કોડિયા જેવડું ને ચાંદલો તો જાણે પૂનમનો ચંદ્ર !
- આંખો તો ઉત્તર-દક્ષિણ જાય છે ને નામ છે સુલોચના !

## લક્ષણશાસ્ત્ર

- તમે થાકયા પાકયા ઘરે આવો અને પત્ની અચાનક મીઠી મીઠી વાતો કરવા માંડે તો સમજી લેજો કે બજાર માં સાડીની નવી ડીઝાઈનો આવી હશે !
- કોઈ તાલિયાના ખિસ્સામાં કાંસકી નજરે પડે તો સમજી લેજો કે તે કોઈ કાંસકી બનાવનાર કંપનીનો એજેન્ટ હશે !
- વિના કારણે કે પ્રસંગે ઘર આવી આપણી ખબરઅંતર કોઈ પૂછવા મંડે તો સમજી લેવું કે આ ઊછીનું માગવાની પૂર્વ ભૂમિકા છે !

## સ્પષ્ટ સત્યો

- યમરાજને ક્યાંનો પાસપોર્ટ કઢાવવો પડતો નથી !
- કાગળ પર તો પ્રેમપત્ર લખાય અને રામનામ પણ લખાય !
- નેતા અને નાળિયેર નો કોઈ ભરોસો નહિ !
- આજના બાળકોને નટીઓનાં નામ યાદ હોય, સતીઓના નહીં !
- પ્રધાનોને મોંઘવારીની અને મહાત્માઓને મરણપથારીની અસર થતી નથી !

## નવી ઉપમાઓ

- નેતા જેમ ખુરસી લેવા માટે દોડે તેમ એ દોડયો !
- ફિલ્મસ્ટાર જેમ પતિ બદલે તેમ એ કપડાં બદલતો !
- એણે વચન આપ્યું - ચૂંટણીના ઉમેદવાર જેવું !
- કચરાપેટીમાં જેમ કચરો ફેંકવામાં આવે તેમ લોકોએ એને ફેંકી દીધો - ચૂંટણી માં એ હારી ગયો !
- એનું શરીર એવું હતું, જાણે 'બેઠા ઘાટનું મકાન' જ જોઈ લો !

## નવી કહેવતો

- રોતો જાય તે મૂઆની ખબર લાવે. (જૂની)
  કોલેજે જાય તે છોકરીની વાત કરે. (નવી)
- ધીરજ ના ફળ મીઠાં. (જૂની)
  લાગવગના લાભ ઘણા. (નવી)
- મારે તેની તલવાર. (જૂની)
  લાગવગ તેને લહેર. (નવી)
- સદ્‌ગુણમાં જ શાંતિ છે. (જૂની)
  ખટપટ માં જ મઝા છે. (નવી)
- ધરમની ગાયના દાંત શા જોવા ? (જૂની)
  પાવડરના દૂધમાં પોતા શા મેવા? (નવી)



# CONFIDENCE

## IS A MUTUAL ASSURANCE



The warmth of family life needs a sound foundation of security . . . so that those you love can face the future with confidence.

For over 138 years, Old Mutual has been helping people to deal with the future . . . We have the right kind of financial plan to protect your family . . . to finance your children's higher education . . . to help you retire in comfort and security.

When you become a policyholder of Old Mutual, you become a part-owner of South Africa's oldest and largest mutual life assurance society.

That's when you discover that confidence really is a Mutual Assurance.



**Best wishes for a Happy Diwali and a Prosperous New Year**

*from*

**OLD MUTUAL**

# કન્યાકુમારી

લેખક: ઘેલાભાઈ રણછોડજી · કેઈપ ટાઉન

આ એક પુરાણ પ્રસિદ્ધ સ્થળ છે. એનું પ્રથમ સ્થાપન અગસ્તમુનિએ કરેલુ અને પછી ભગવાન પરશુરામે પ્રતિષ્ઠિત કર્યું હતું. ભગવાન શ્રી કૃષ્ણના વડીલ બંધુ બલરામજી તથા ભક્ત વિદૂરે અહીંની યાત્રા કરી હતી. પછીના ઐતિહાસિક કાળમાં લગભગ ૨૩૦૦ વર્ષ પહેલા ગ્રીક વિશ્વયાત્રી "ઈરોટોસ્થનીગ" એ અને ત્યાર બાદ ૨૦૦ વર્ષ "પેરીપ્લસ" નામનાં વિદેશી યાત્રીએ પણ તેનો ઉલ્લેખ કરેલો છે. કન્યાકુમારી! ધન, ધાન્ય, રત્નો, ઈત્યાદિ અનેક પ્રકારની ભૌતિક સંપતિ ઉપરાંત ધાર્મિક અને માનસિક શાંતિ આપનાર ભારત માતા, પિતા ઉદધિના વિશાળ ખોળામાં ઉભી રહેલી લક્ષ્મીના ચરણ તે કન્યાકુમારી! તિરૂનલવેલી રેલ્વે સ્ટેશન થી ૫૫ માઈલ દૂર છે. નાગરકોઈલ થી બસના રસ્તે સુચિન્દ્રમ થઈને કન્યાકુમારી જવાય છે. ગામમાં કન્યાકુમારીનું પ્રાચીન મંદિર, ગાંધી મેમોરીયલનું મકાન, અને સ્વામી વિવેકાનંદનું સ્મારક ખાસ જોવા લાયક છે. ઉત્તરે બંગાળનો ઉપસાગર, સામે હિંદી મહાસાગર અને દક્ષિણે અરબી સમુદ્ર, આ ત્રણે જલરાશિઓ ત્રણ બાજુથી આવીને ભારત-માતાના ચરણ અહી ધોઈ રહ્યા છે. કન્યાકુમારીનાં મંદિરમાં કન્યાકુમારીની અતિશય સપ્રમાણ, મોહક અને સુંદર મૂર્તિ છે. પુરૂષોને ધોતિયા સિવાય બધાં કપડાં કાઢી દર્શન કરવા જવું પડે છે. સ્ત્રીઓ માટે આવું કોઈ બંધન નથી. મૂર્તિની સન્મુખનો ભાગ દ્રાવિડ સ્થાપત્ય કલાશૈલીના અલંકરણનો નમુનો છે, છત તદન નીચી છે. બહારથી પ્રકાશ કે હવા ખાસ અંદર આવતા નથી. તેલનાં દીપકોથી મંદિરમાં અજવાળું થાય છે. ભારતના બીજા હીલ સ્ટેશનોના સૂર્યાસ્ત અને સૂર્યોદયની સરખામણીમાં અહીનો સૂર્યાસ્ત અને સૂર્યોદય ખરેખર મનોહર ને રમણીય છે. નિઃસીમ ભૂમિનું આ સંગમસ્થાન છે. નિર્મળ પ્રકૃતિ, પૃથ્વી અને જળરાશિ અહી પથરાયા છે.

---

# જરા હસી લો!

દર્દી: "આપે તો મને મોતના મોં માથી બચાવી લીધો તે બદલ ખૂબ ખૂબ આભાર."

દાક્તર: "ના રે ભાઈ, એમાં વળી આભાર શાનો? આ તો માલિકની જ મહેરબાની છે ને!"

દર્દી: "તો પછી તમે મારી પાસેથી ફી કેમ લીધી?"


DIWALI GREETINGS



KANTILAL RATANJEE
AND FAMILY
'ARVAASH'
5 HAVEN CRESCENT, GATESVILLE 7764
TELEPHONE: 638-6456

## દિવાળી

અને
નૂતન વર્ષના
સૌને
અભિનંદન

પરભુભાઈ ઈચ્છારામ અને સહકુટુંબ
19 MAVIS ROAD, RYLANDS ESTATE 7764
TEL.: 638-4289



*Happy Diwali
and a
Prosperous
New Year*

**PARVATIBHEN MOTIRAM RANCHOD**
17 RYLANDS ROAD, RYLANDS ESTATE 7764



*Wishing all friends and relatives
A Happy Diwali
and a Prosperous New Year*

**CHOTUBHAI BHIKHA, RAMESH C. BHIKHA,
JAYANTI B. BHIKHA, SHANTILAL C. BHIKHA
AND FAMILIES**

125 DURBAN STREET, WORCESTER

# પ્રફુલ્લતા નો પારસ

લેખિકા
પદમાબહેન છોટુભાઇ પટેલ • સાયમન્સટાઉન

એક દિવસે એક બહેને મને કહ્યું કે ચાલો તમારી મુલાકાત એક જીવતા જાગતા માનવી સાથે કરાવુ. ત્યારે મારાથી અચૂક જ કહેવાઈ ગયું કે તે માનવી જીવતા જાગતા છે તો શું બીજા અન્ય મનુષ્ય મરેલા છે? અરે! એક વાર એમને મળી તો લો, પછી તમારો ઉપદેશ આપવો શરૂ કરજો. અને આજ સુધી હું એ ભાઈનો હસમુખો ચહેરો, મસ્તી ભરી આંખો, એકે એક અવયવોમાંથી એમની ઉભરાતી તાજગી જીંદગી,જીવવા જેવી છે, એવો અણસાર બહુંજ ઓછા લોકો આપે છે. ઉત્સાહ નો સાગર એ ભાઈના અંગમાંથી ઉભરાતો હતો.

પ્રફુલ્લતા અને હસંમુખો ચહેરો જો તમારી પાસે હોય, તો ફક્ત જીંદગી જીવવા માટે નહિ પણ જીંદગી મજા કરીને સહેલાઈથી જીવવાનો એક અનોખો પાસપોર્ટ છે. લોકોને પ્રફુલ્લિત સ્વભાવ ના માનવી સામે ખુલ્લે દિલે વાતો કરવી ગમે છે. કંટાળાભરેલું મોં લઈને આપણે બેઠા હોઈયે, તો સામો માણસ વિચાર કરશે કે આ વ્યક્તિ જ મરવાને વાંકે જીવી રહી હોય, એમ લાગે છે, તો પછી મને શું મદદ કરી શકશે.

સામો માનવી જો ઉલ્લાસ ભર્યો હોય, તો તેનો ચેપ આપણને જરૂર લાગવાનો જ. સામા માણસની પ્રફુલ્લતાની ઉષ્માં આપણને થોડો ઘણો આનંદ તો આપે જ છે.

બે બહેનો હતી, બંને બહેનો જીવન નિભાવવા એક જ કંપનીમાં કામ કરતી હતી. પણ, એકને હંમેશા વધારે પ્રમાણમા સફળતા મળતી. જ્યારે બીજી બહેન પાસે લોકો ન છૂટકે આવતા. જ્યારે તેણે બીજી બહેનને પૂછ્યું કે "તમારા પ્રમાણમાં મને કેમ ઓછી સફળતા મળે છે?"
"સાચુ કહું તો તમારે તમારી ગંભીરતા ઓછી કરવી જોઈએ."
"વેચાણ અને ગંભીરતાને શો સંબંધ?"
"તમે એ સંબંધ થી અજાણ છો એટલે જ હું તમારૂં ધ્યાન એ પ્રત્યે દોરૂં છું."
"મારી પાસે તમારા કરતા સામાન્ય જ્ઞાન ઓછું છે પણ સામા માણસ ઉપર પ્રભાવ પાડતા મને વધારે આવડે છે."
તમારામાં પ્રફુલ્લતા ન હોય, છતાં તમે પ્રફુલ્લ છો, એમ બતાવવુ જરાં અઘરૂ તો છે, પણ અશક્ય તો નથી જ.

કોઈ પણ જૂની સાહેલી અચાનક આપણા ઘરે આવે, ગુલાબ ના ગોટા જેવા બાળક સાથે તમે બે ઘડી રમો. કાલે રવિવાર છે, એટલે મજાનો દિવસ, આ બધા નો આનંદ આપણને આવે છે પણ એ બધા તો આનંદ અને પ્રફુલ્લતા ના ઉભરા કહેવાય. આપણાં જીવન સાગર માં કોઈ કોઈ દિવસ આવી આનંદની ભરતીઓ આવતી રહે એ સારી વાત છે. પણ એનાંથી ઉત્તમ તો એ છે કે, આપણી પ્રસન્નતામાં કદી ઓટ જ ન આવે.

તમને જાણીને આશ્ચર્ય થશે કે પ્રફુલ્લતા એ મનનુ લક્ષણ છે. પણ એનો શરીર સાથે પણ એટલો જ સંબંધ છે. ઘણો થાક લાગ્યો હોય, ત્યારે સહેજ પ્રસન્ન રહેવાનું મુશ્કેલ બને છે. લાંબી માંદગીમાં પણ એવું જ થાય છે. આવા સંજોગોમાં પણ હસનારા હસે છે.

હરહંમેશ એક જગ્યાએ ગોંધાઈ રહેવાનું આવે, દરરોજનું એક સરખું વાતાવરણ, ઘરના સભ્ય સિવાય કોઈની સાથે બોલવું ચાલવું નહિં, આવા સમયે મન અકળાય ને પ્રસન્નતા ખોઈ

A HAPPY DIWALI
AND
PROSPEROUS
NEW YEAR



**RAMESH K. MORAR & FAMILY**
20 GARDENIA STREET, FLORIAN PARK
WORCESTER 6850

With Best Wishes
to friends and
relatives



**NAGIN & KANTILAL V. PATEL & FAMILIES**
**27 MAVIS ROAD, RYLANDS ESTATE 7764**



**Best wishes for a Happy Diwali**
**and a Prosperous New Year**

from

**LUXMAN RANCHOD PATEL**
**RAMAN LUXMAN RANCHOD**
**& FAMILIES**

9 BATTS ROAD
WYNBERG

PHONE
77-5300

બેસે છે. અનિયમિત જીવન પણ માણસની પ્રફુલ્લતાને હરી લે છે. જ્યાં જીંદગી અનિશ્ચિત થઈ ગઈ હોય, ત્યાં પ્રફુલ્લતાનું વાતાવરણ કેવી રીતે જળવાય રહે ?

આ બધી જ બાબતો માં થી આપણે ઉકેલ કાઢવાનો છે. કાળા માથાનો માનવી ધારે તો બધું જ કરી શકે છે. એક વખતે વિચાર કરીને નિર્ણય લેવો કે આજથી મારે આ કાર્ય કરવાનું છે. અને પછી એ જ ધ્યેય પાછળ વળગી રહો અને તમને પ્રસન્ન રહેવામાં જરૂર સફળતા મળશે.

ખોરાક માં ફેરફાર કરવાથી , શરીરને જ નહિં , મનને પણ ફાયદો થાય છે. થોડો વ્યાયામ પણ આમાં ઉપયોગી થઈ પડે છે. રવિવારે બગીચામાં ફરવા જવો , અને ત્યાં ઊગતાં સુંદર ફૂલો જોઈને જરૂર થોડી પ્રસન્નતાનો અનુભવ કરશો.

શ્રમ , વિશ્રામ અને મનોરંજનનું મિશ્રણ શરીર ને નહિં, પણ મનને પણ તાજગી આપે છે. પ્રફુલ્લતા કોઈને આપી શકાતી નથી. એના કિરણો આપના પોતાના અંતરના ખૂણે ખૂણેથી ઉત્પન્ન થવા જોઈએ. પ્રફુલ્લતા પ્રગટાવવા બે ઘડી ગમ્મત ભરી વાતો કરો. તમારા જીવનમાં કોઈ હાસ્યપદ બીના બની હોય તો તેને યાદ કરીને , મુક્ત મને ખડખડાત હસો. હાસ્ય જેવી બીજી કોઈ ટોનીક નથી.

કેટલાંક લોકો કદી હસતાં જ નથી. અને ભૂલેચૂકે જો કોઈ દિવસ હસે , તો જાણે માપી માપીને. મોંઘવારી આજે ઘણી વધી ગઈ છે, પરંતુ હજી સુધી મુક્ત મને હસવાના પૈસા આપવા નથી પડતા.




The Management and Staff
extend Diwali Greetings
to their
Friends and Clients



**K.B. FAKIR & CO.**

DIRECTORS: KISHOR JEENA & CHIMANLAL JIVAN

**122 DURBAN STREET, WORCESTER 6850**

# ATKINSON'S AUTOLOT

We Wish All Hindu Friends and Customers

A Happy Diwali

and

A Prosperous New Year

----★★★----

For Your Next Car Contact

**RAMESH RAWJEE**

**BUSINESS:**
KENILWORTH CENTRE
CHICHESTER ROAD
KENILWORTH 7700
TELEPHONE: 61 5160

**RESIDENCE:**
56 COLLEGE ROAD
RYLANDS ESTATE
7764
TELEPHONE: 638 4684

# GOVAN BUILDERS

## Happy Diwali
## and a
## Prosperous New Year

**BHAGATSINGH B. GOVAN & FAMILY**
2 TUSSEN ROAD, RYLANDS ESTATE 7764
PHONE: 67-5037

ahmedia

# PAINT & HARDWARE CENTRE

*Wishes All Hindu Brothers and Sisters*

*A Happy Diwali and A Prosperous New Year*

**WHOLESALE SUPPLIERS TO ALL BUILDING INDUSTRIES**

| | | |
|---|---|---|
| SPECIAL OFFER ON CEMENT | SALE ON PLUMBING MATERIALS | TIMBER AT DISCOUNT PRICES |

**PAY US A VISIT ...... YOU WILL SAVE**

Cor. ENDEAVOUR and SILICA ROADS
ATHLONE INDUSTRIA 2 · 7764
TELEPHONE: 638 1130/40

Cor. MAVIS and KLIPFONTEIN ROADS
RYLANDS ESTATE · 7764
TELEPHONE: 637 1282/3



Printed by: Esquire Press (Pty.) Ltd., Vanguard Drive, Athlone Industria Phone: 67-1260
Published by: The Cape Hindu Cultural Society, P.O. Box 36, Gatesville 7764